RP WEB SOLUTIONS
Website For Everyone...
RP Web Solutions
Ronak Palan
Web Consultant
+91 84888 55506
rpwebsolutions2020@gmail.com

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

# ટેક્ષ ટુડે

Tax Today (Monthly)

RNI No.GUJGUJ/2016/74805

ગુજરાતી પખવાડિક
કરવેરા સલાહકાર
સીધા અને આડકતરા કરવેરાની સાદી અને સરળ ભાષામાં માહિતી આપતું ગુજરાતી પખવાડિક
વાર્ષિક લવાજમ :- ૨૭૯૫
સંપર્ક:-
પૂજા પબ્લિકેશન
મનિષ શાહ
૯૯૨૪૧ ૧૯૩૨૯

Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month

◆ વર્ષ: ૫, ◆ અંક: ૯, ◆ સળંગ અંક: ૫૭, ◆ તા.૧૭/૦૭/૨૦૨૧, શનિવાર, ◆ પાના-૪, ◆ છૂટક અંકની કિંમત રૂ.૨૦, ◆ વાર્ષિક લવાજમ રૂ.૨૦૦/- (કુરીયર સાથે રૂ.૩૦૦/-)
◆ તંત્રી-માલિક અને પ્રકાશક: ભવ્ય દિપકભાઇ પોપટ, ◆ પ્રકાશન સ્થળ: ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦
◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સ: ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના.

e-mail: taxtodayuna@gmail.com ◆ e-mail: editor@taxtoday.co.in ◆ www.taxtoday.co.in

પ્રતિશ્રી,

# ઈન્કમ ટેક્સની જૂની વેબસાઈટ ફરી કાર્યરત કરવી છે જરૂરી!! યોગ્ય ચકાસણી બાદ આવતા નાણાકીય વર્ષથી નવું પોર્ટલ લોન્ચ થાય તેવી ઉઠી રહી છે માંગ

## ઈન્કમ ટેક્સના આ નવા પોર્ટલે ચાર વર્ષ પહેલા લોન્ચ થયેલ જી.એસ.ટી. પોર્ટલ સાથે કામગીરી દરમ્યાન ભોગવેલ હાડમારીની યાદ ટેક્સ પ્રોફેશનલ્સને કરાવી તાજી!!

૦૮.૦૭.૨૦૨૧: ઈન્કમ ટેક્સનું નવું પોર્ટલ ૦૭ જૂન ૨૦૨૧ ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું. આ પોર્ટલ શરૂ થયે એક મહિનાનો સમય વીતી ગયો હોવા છતાં તેના ઉપર કામગીરી સરળ રીતે થઈ ના રહી હોવાની ફરિયાદો વ્યાપક પ્રમાણમા ઉઠી રહી છે. સામાન્ય રીતે જુલાઇ મહિનામાં ઓડિટ સિવાયના કરદાતાઓ માટે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવાની મુદત રહેતી હોય છે અને ખૂબ મોટા પ્રમાણમા ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવામાં આવતા હોય છે. પરંતુ આ જુલાઈમાં ગત વર્ષની સરખામણીએ ખૂબ ઓછા પ્રમાણમા ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવામાં આવ્યા છે તેવા અહેવાલો મળી રહ્યા છે. જો કે ઓડિટ સિવાયના કરદાતાઓ માટે અગાઉ જ રિટર્ન ભરવાની મુદતમાં કોરોનાના કારણે વધારો કરી આપવામાં આવ્યો છે.

સરળતાના ઉદેશ સાથે શરૂ કરવામાં આવેલ ઈન્કમ ટેક્સના આ નવા પોર્ટલે હાલ તો કરદાતાઓના અને ખાસ કરીને ટેક્સ પ્રોફેશનલ્સના હાલ બે-હાલ કરી મૂક્યા છે. અમુક ટેક્સ પ્રોફેશનલ્સ તો એમ માને છે કે આ નવું ઈન્કમ ટેક્સ પોર્ટલ તેમને જી.એસ.ટી. પોર્ટલ જ્યારે જુલાઇ ૨૦૧૭ માં લોન્ચ થયું ત્યારે ટેક્સ પ્રોફેશનલ્સએ ભોગવેલ હાલાકીની યાદ તાજી કરી આપી છે. એક મહિના પછી પણ પોર્ટલ ઉપર કામ કરવું ખૂબ અઘરું સાબિત થઈ રહ્યું છે. આ બાબતે વાત કરતાં જેતપુરના જાણીતા ટેક્સ એડવોકેટ લલિત ગણાત્રા જણાવે છે કે- ‘‘છેલ્લા ૧૩ વર્ષથી ખુબ સરળતા પુર્વક ચાલતું ઈન્કમટેક્ષના પોર્ટલને અન્ય એક ટેક્ષેશનને લગતા પોર્ટલ બનાવવામાં નીષ્ફળ ગયેલ Infosys કંપનીને ૪૨૦૦ કરોડ ઉપરનો કોન્ટ્રાક આપીને નવું બનાવ્યું જે ગત ૦૭ જુન થી ચાલુ થયું પણ સરળતાથી એક પણ દીવસ ચાલ્યુ નથી. અનેક ક્ષતિઓ સાથે આ નવા પોર્ટલને અધુરી તૈયારી સાથે જ લોંચ કરી દીધુ તે પ્રાથમિક દ્રષ્ટીએ જ જણાય આવે છે. સરકાર પક્ષે શરુઆત ના એક બે દીવસ માં નાણામંત્રીએ પોર્ટલ બાબતે ટીવ્ટ કર્યા પછી આખો મહીનો ચાલ્યો ગયો છતાં સરકાર ‘સાયલન્ટ મોડમાં’ છે. અત્યારની એરર અને વેબસાઈટ ડેવલોપમેન્ટની સ્થિતી જોતા હજુ ૪-




૬ મહીના સુધી આ પોર્ટલ સરળતાથી ચાલુ થશે તેવું દેખાતુ નથી. આ પોર્ટલ પર આજે એક પણ કાર્ય સરળતાથી નથી થઈ રહ્યું. લોગીનથી લઈ ને દરેક પ્રકારના કાર્ય ધીમે થાય છે અથવા તો ‘એરર’ આપીને તે કાર્ય અધુરુ મુકવુ પડે છે. આ પ્રકારની સ્થિતિ સૌથી મોટી નુકશાની બે પક્ષે જવાની છે, એક સરકારને પોતાને અને બીજી ટેક્ષ પ્રોફેશનલને. સરકારને રેવન્યુ લોસથી લઈને દરેક પ્રકારના ફોર્મની છેલ્લી તારીખો વધારવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહેશે નહી. જી એસ ટીમાં 3B ઓપશનલ નાનું રીટર્ન હતુ જેનાથી સરકારને રેવન્યુ ચાલુ રહી પણ આમાં એ શક્ય નહી બને જ્યારે અમારા જેવા ટેક્ષ પ્રોફેશનલ સતત ‘એરર ફેસ’ કરીને સોશીયલ મીડીયામાં બળાપો કરીશું પંરતુ આ પ્રકારના બળાપાથી મુશ્કેલીઓ હલ થવાની નથી અને છેલ્લે વધારે પડતું ટેન્શન અંતે તો આપણાં સ્વસ્થ્યને પણ નકારાત્મક અસર ચોક્કસ કરશે. અત્યારે આ નવા પોર્ટલની સ્થિતિ જોયા પછી સરકારે ફરીથી સમયસર નક્કી કરીને જુના પોર્ટલ પર પરત ફરવું જોઈએ અને રીટર્ન અને અન્ય ફોર્મ કે જે જુના પોર્ટલ પર વ્યવસ્થિત ચાલે છે તેનો ઉપયોગ કરવો જોઈએ. નવા પોર્ટલને પુરી રીતે ડેવલોપ થવામાં ઘણો સમય જશે જે હક્કીત આપણે જાણીએ છીએ એ વસ્તુ સરકાર પક્ષે સ્વીકાર થાય એ અત્યાર ના સમય પર ખૂબ જરુરી છે’’.

આ અંગે જણાવતા અમદાવાદના ટેક્સ એડવોકેટ જય ઠક્કર જણાવે છે કે ‘‘ઈન્કમ ટેક્સ હેઠળ કરવાની થતી સામાન્યમાં સામાન્ય બાબત માટે આ પોર્ટલ ઉપર અસમાન્ય મહેનત કરવી પડે છે. ઈન્કમ ટેક્સ રિટર્ન ભર્યા પછી તેની રિસીપ્ટ ડાઉનલોડ કરવી, આધાર PAN લિન્ક કરવા જેવી અરે લોગિન થવા જેવી સામાન્ય બાબત પણ આ પોર્ટલ ઉપર સહેલાઈથી થઈ રહી નથી. મારા અમુક અસીલના રિટર્નમાં રિટર્ન ફાઈલ થઈ ગયા છે પરંતુ તે રિટર્નમાં તારીખ દર્શાવવામાં આવી રહી નથી તો જ્યાં રિટર્નનું ‘આધાર વેરિફિકેશન’ થઈ ગયું હોવા છતાં આજે પણ ‘પેન્ડિંગ ફોર વેરિફિકેશન’ તેવો મેસેજ આવે છે. આ ઉપરાંત રિટર્ન ભરવા સાથે ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ તરફથી આવતા ઇ મેઈલમાં પણ કોઈ એટેચમેંટ આવતું નથી.’’ આ જ બાબત ઉપર જણાવતા પોરબંદર ટેક્સ એડવાઈઝર એસોસીએશનના પ્રમુખ કેયૂર શાહ જણાવે છે કે ‘‘આ નવા પોર્ટલ ઉપર TDS રિટર્ન ભરવામાં ખૂબ વધુ સમય લાગે છે. ઈન્કમ ટેક્સ હેઠળ ભરવાના થતાં ઘણા રિટર્ન હજુ ચાલુ કરવામાં આવ્યા નથી. જે રિટર્ન શરૂ થયા છે તેમાં પણ વિવિધ કપતોની વિગતો આપવાની પદ્ધતિ ખૂબ જટિલ છે. આ ઉપરાંત ડિજિટલ સિગ્નેચર રજીસ્ટર કરવા માટેની સિસ્ટમ પણ વધુ ટેકનિકલ હોય તમામ કોમ્પ્યુટર્સમાં આ સપોર્ટ કરતી નથી. ૧ મહિનો થવા છતાં પણ ઘણા કરદાતાના PAN જૂના પોર્ટલ ઉપરથી માઈગ્રેટ થયા નથી એવી સ્થિતિ છે.’’

નવી ઈન્કમ ટેક્સ વેબસાઇટની કામગીરી બાબતે આવી અનેક ફરિયાદો ઉઠી રહી છે. નવું પોર્ટલ હજુ સંપૂર્ણ રીતે કામ આપવા તૈયાર નથી તેવું તદ્દન સ્પષ્ટ છે. કોવિડ જેવા મુશ્કેલ સમયમાંથી જ્યારે દેશ પસાર થઈ રહ્યો છે ત્યારે આ પ્રકારની વધુ મુશ્કેલી સરકાર શા માટે પોતાના તથા કરદાતાઓ માટે ઊભી કરી રહી છે તે બાબત સમજણથી પર છે. આ સમય નવા નવા પ્રયોગ કરવાના બદલે ટકી રહેવાનો છે. વધુ સમય વેડફયા વગર ઈન્કમ ટેક્સની જૂની વેબસાઇટ ફરી શરૂ કરવામાં આવે તે હાલના તબક્કે અનિવાર્ય છે. નવું પોર્ટલ જરૂરી હતું કે નહીં તે બાબતે ચર્ચા કરવાનું પણ હવે અસ્થાને છે. જરૂર છે આ નવા પોર્ટલને સંપૂર્ણ રીતે ડેવલોપ કરવાની અને ફરી તેનું આવતા નાણાકીય વર્ષે ૦૧ એપ્રિલથી ‘રી લોન્ચ’ કરવાની!!!

(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે.)

# જી.એસ.ટી.ના માત્ર ૪.૫૦ રૂપિયા વધુ લેવા બદલ ઓનલાઈન કંપનીને કરવામાં આવ્યો ૨૦૦૦૦ નો દંડ!!

## સ્વીગી દ્વારા MRP ઉપર જી.એસ.ટી. લેવાના કારણે પંચકુલા જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ પંચ દ્વારા કરવામાં આવ્યો દંડ

તા. ૧૨.૦૭.૨૦૨૧: ઓનલાઈન ફૂડ ડિલિવરી કંપની ‘સ્વીગી’ ઉપર પંચકુલા જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ પંચ દ્વારા વીસ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. સ્વીગી દ્વારા અભિષેક ગર્ગ નામના વ્યક્તિના એક ઓર્ડરની ડિલિવરી કરવા સાથે જે બિલ આપવામાં આવ્યું હતું તે બિલમાં કોકો-કોલાની બોટલ કે જેની-MRP 90 રૂપિયા હતી તેના ઉપર ૪.૫ રૂપિયાનો જી.એસ.ટી. લગાડવામાં આવ્યો હતો. આ સામે ગ્રાહકે જિલ્લા ગ્રાહક તકરાર પંચમાં ફરિયાદ કરવામાં આવી હતી કે કોકોકોલાની MRP એ તમામ ટેક્સ સાથે નક્કી થતી હોય છે. આ MRP ઉપર કોઈ પણ ટેક્સ લગાડવો યોગ્ય નથી. આ પ્રકારે MRP ઉપર જી.એસ.ટી. લગાડવો એ કંસયુમર ગુડ્સ (મેંડેટરી પ્રાઈસિંગ ઓફ કોસ્ટ ઓફ પ્રોડકશન એન્ડ મેકઝીમમ રિટેઈલ પ્રાઇસ) એક્ટ ૨૦૦૬ નું ઉલંઘન ગણાય. સ્વીગી દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે જે




ઓનલાઈન કંપની આ સમગ્ર વ્યવહારમાં પોતાનો હાથ નથી તેવું કહી શકે નહીં. તેઓએ આદેશમાં ખાસ જી.એસ.ટી. ઉઘરાવવામાં આવ્યો છે તે તેમના દ્વારા નહીં પણ જે તે રેસ્ટોરન્ટ કે જેમના દ્વારા જમવાનું પાર્સલ તૈયાર કરવામાં આવ્યું છે તેમના દ્વારા ઉઘરાવવામાં આવ્યો છે. તેઓ માત્ર આ જમવાના પાર્સલની ડિલિવરી કરનાર છે. ગ્રાહક પંચના અધ્યક્ષ સતપાલ, મેમ્બર ડો. શુશ્માં ગર્ગ તથા ડો. પવનકુમાર સૈની દ્વારા આ દલીલનો અસ્વીકાર કરતાં આદેશ કરવામાં આવ્યો કે સ્વીગી જેવી ઉલેખ કર્યો હતો કે સ્વીગી જેવી કંપની કે જે ખરીદનાર તથા વેચનાર વચ્ચેની કડી રૂપ કામ કરે છે અને તેના માટે કમિશન લે છે તે માટે તે આ વ્યવહાર માટે જવાબદાર ગણાય. પંચ દ્વારા આદેશમાં ખાસ જણાવાયું હતું કે સ્વીગી પોતાની સેવા માટે કમિશન લે છે અને તે કોઈ સેવાભાવિ સંસ્થા નથી. પંચ દ્વારા સ્વીગીને આ ભૂલ બદલ કસૂરવાર ઠેરવી, ગ્રાહક પાસેથી ખોટી રીતે લેવામાં આવેલ ૪.૫ રૂપિયા વ્યવહાર તારીખથી ૯% વ્યાજ સાથે ગ્રાહકને પરત કરવા હૂકમ કર્યો હતો. આ ઉપરાંત ગ્રાહકને પડેલ માનસિક તણાવ બદલ દસ હજારનું વળતર ચૂકવવા તથા દસ હજારની રકમ હરિયાણા સ્ટેટ કાઉન્સીલ ફોર ચાઇલ્ડ વેલ્ફેરના લાભાર્થે આપવા આદેશ કર્યો હતો. આ રકમ આદેશ મળ્યાના ૩૦ દિવસમાં જમા કરાવવા સ્વીગીને જણાવવામાં આવ્યું છે.

મેકઝીમમ રિટેઈલ પ્રાઇઝમાં તમામ કરવેરાનો સમાવેશ થયેલ ગણાય તે બાબત પંચકુલા જિલ્લા ગ્રાહક પંચના આ ચુકાદામાં ફરી પ્રતિપાદિત થઈ છે. વેપારીઓ આ બાબતની ખાસ નોંધ લે તે ખૂબ જરૂરી છે. ૪.૫ રૂપિયા જેવી નજીવી રકમ માટે ગ્રાહક તરીકે અને ગ્રાહકો માટે મહેનત કરનાર આશુતોષ ગર્ગ હાલ વાહવાહીને પત્ર બની રહ્યા છે તેવા સમાચાર છે.

(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે.)

# શું કોઈ તમારા PANનો દૂર ઉપયોગ કરીને નથી આચરી રહ્યું છે જી.એસ.ટી. કૌભાંડ?? ચેક કરો આવી રીતે...

## જી.એસ.ટી. પોર્ટલ ઉપર PANનો દૂર ઉપયોગ કરી GST નંબર મેળવ્યાના કિસ્સામાં ફરિયાદ કરવાની સગવડ શરૂ કરવામાં આવી

તા. ૦૨.૦૭.૨૦૨૧: જી.એસ.ટી. હેઠળ ટેક્સ ચોરીના સમાચાર અવારનવાર સમાચાર પત્રોમાં વાંચવા મળે છે. ઘણા કિસ્સામાં એવું બનતું હોય છે કે કોઈ ત્રાહિત વ્યક્તિના PANનો દૂરઉપયોગ કરી કોઈ જી.એસ.ટી. નંબર મેળવવામાં આવેલ હોય. આ પ્રકારના દૂરઉપયોગ રોકવા, જી.એસ.ટી. પોર્ટલ ઉપર એક સગવડ શરૂ કરવામાં આવેલ છે. આ સગવડ દ્વારા કોઈ વ્યક્તિ પોતાના PAN ઉપર મેળવવામાં આવેલ જી.એસ.ટી. નંબરની માહિતી મેળવી શકશે તથા આ પ્રકારે PANના દૂરઉપયોગની જાણ જી.એસ.ટી ડિપાર્ટમેંટને કરી શકશે.

આ સગવડ દ્વારા જી.એસ.ટી. હેઠળ કોઈન ખોટો નોંધણી દાખલો મેળવવામાં આવ્યો હોય તો કરદાતાએ વિગતો ઓનલાઈન આપવાની રહેશે. આ વિગતો કરદાતા દ્વારા આપવામાં આવે એટ્લે જે તે ક્ષેત્રાધિકાર ધરાવતા અધિકારીને આ વિગતો મોકલવામાં આવશે. આ વિગતો ઉપરથી તેઓ જે તે જી.એસ.ટી. નંબર ઉપર કાર્યવાહી કરશે. એવા કિસ્સાઓ




અવારનવાર સામે આવતા હોય છે જેમાં કોઈ વ્યક્તિની ધ્યાન બહાર જી.એસ.ટી. નંબર મેળવવામાં આવ્યો હોય અને તે જી.એસ.ટી. ઉપર ખૂબ મોટા વ્યવહારો પણ કરવામાં આવ્યા હોય અને જેનો ટેક્સ ના ભરવામાં આવતા PAN જેમના નામે હોય તેવા વ્યક્તિ ઉપર જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હોય છે. આવા કિસ્સામાં નિર્દોષ વ્યક્તિ કોઈની ખોટી કરતૂતનો શિકાર બની જતો હોય છે. હવે આ સુવિધા શરૂ કરવામાં આવતા આ રીતે કોઈ ત્રાહિત વ્યક્તિના PANનો ઉપયોગ કરી જી.એસ.ટી. નોંધણી લેવાના કિસ્સા ઉપર કાબૂ મેળવી શકાશે. આ સુવિધા જોકે ઉપયોગી તોજ બનશે જો વ્યક્તિ પોતે જાગૃત બની આ પ્રકારે પોતાના PAN ઉપર લેવામાં આવેલ જી.એસ.ટી. ચકાસવાની તસ્દી લેશે. પોતાના PAN ઉપર ક્યાં જી.એસ.ટી. નંબર લેવામાં આવ્યા છે તે જોવા તમારે તમારા કરવેરા સલાહકારને ડિસ્ટર્બ કરવાની જરૂર નથી.

**તમારા PAN ઉપર કોઈ જી.એસ.ટી. નંબર લેવામાં આવેલ છે કે નહીં તે ચેક કરવા આ લિન્ક ક્લિક કરો:**
https://services.gst.gov.in/services/searchtpbypan

જો તમારા PAN ઉપર કોઈ જી.એસ.ટી. નંબર લેવામાં આવ્યો નહીં હોય તો ત્યાં મેસેજ આવશે, No Records Found. જો તમારા PAN ઉપર કોઈ એવો જી.એસ.ટી. નંબર લેવામાં આવ્યો હોય જે તમારા ધ્યાન બહાર છે તો આગળ આપેલ બોક્સમાં તેને ટીક કરી આગળની વિધિ કરો. આ વધારાની વિધિમાં જરૂર જણાય ત્યાં તમારા કરવેરા સલાહકારની મદદ તમે લઈ શકો છો. તમારા, તમારા પરિવારજનો, તમારા મિત્રો, તમારા અસીલો માટે આ સમાચાર મહત્વના હોય તેમણે ફોરવર્ડ કરવા જરૂરી છે. જી.એસ.ટી. હેઠળ ટેક્સ ચોરી રોકવામાં પણ આ સમાચાર લોકોના ધ્યાન ઉપર લાવવા જરૂરી છે.

(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)

## ધી ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસો. અમદાવાદના નવનિયુક્ત હોદ્દેદારોને ‘ટેક્સ ટુડે’ તરફથી ખાસ શુભેચ્છા




વિનોદભાઈ પરમાર
પ્રમુખ

શૈલેષભાઈ મકવાણા
માનદ મંત્રી

હર્નિશભાઈ મોઢ
ઉપપ્રમુખ

કિરીટભાઈ પટેલ
માનદ મંત્રી

નરેન્દ્રભાઈ કરકર
ખજાનચી

-: શુભેચ્છક :-
ભવ્ય પોપટ, એડવોકેટ- એડિટર, ટેક્સ ટુડે
અને સમગ્ર ટેક્સ ટુડે ટિમ

## મહેસાણા સેલ્સ ટેક્સ બાર એસોશીએશનના નવનિયુક્ત હોદ્દેદારોને શુભેચ્છા




બાબુભાઈ ઓઝા
પ્રમુખ

દશરથભાઈ એસ. પટેલ
સેક્રેટરી

પ્રવીણભાઈ નાયક
ઉપપ્રમુખ

અશોકભાઈ વી. પટેલ
જોઈન્ટ સેક્રેટરી

-: શુભેચ્છક :-
હર્ષદ ઓઝા, પ્રતિનિધિ ટેક્ષ ટુડે, મહેસાણા
ટેક્સ ટુડે ટિમ અને સમગ્ર ટેક્સ ટુડે પરિવાર...

## ટેક્સ એડવોકેટ એસોશીએશન ગુજરાત

TAX ADVOCATES ASSOCIATION GUJARAT
204, Second Floor, Nature View Building, Near H. K. House, Ashram Raod, Ahmedabad-380009
taxadvocatesassociationgujarat@gmail.com www.taagujarat.org @gujarattax
2021-22

| President | Vice President | Secretary |
|---|---|---|
| PRATIK PATEL | PINAKIN PATEL | PANKAJ SHAH |
| 9825890158 | 9879541607 | 9824049795 |
| pratikp824@gmail.com | taxadvocatepdp@gmail.com | pankajshah@yahoo.com |



પ્રમુખશ્રી
શ્રી પ્રતિક એન. પટેલ



સેક્રેટરીશ્રી
શ્રી પંકજ એલ. શાહ

ઓફિસ બેરર્સ
(૧) શ્રી પ્રતિક એન. પટેલ - પ્રમુખશ્રી
(૨) શ્રી પિનાકીન ડી. પટેલ - ઉપપ્રમુખશ્રી
(૩) શ્રી પંકજ એલ. શાહ - સેક્રેટરીશ્રી
(૪) શ્રી જૈમીન આર. ઠક્કર - જોઈન્ટ સેક્રેટરીશ્રી
(૫) શ્રી કિંજલ આર. શાહ - ખજાનચીશ્રી

કમિટી મેમ્બર્સ
(૧) શ્રી સુનિલ એમ. કેસવાણી - આઈ.પી.પી.
(૨) શ્રી અનિલ આર. શાહ
(૩) શ્રી વસંત એન. પટેલ
(૪) શ્રી બિંદેશ આઈ. શાહ
(૫) શ્રી જીગ્નેશ જે. પટેલ
(૬) શ્રી જયદીપ એમ. પટેલ
(૭) શ્રી અનિલ આર. ટિમ્બાડીયા
(૮) શ્રી ઉત્સવ આર. પટેલ

-: શુભેચ્છક :-
હેમાંગ શાહ-એડવોકેટ,
ભવ્ય પોપટ, એડવોકેટ- એડિટર, ટેક્સ ટુડે
અને સમગ્ર ટેક્સ ટુડે ટિમ

## ધી ભાવનગર સેલ્સ ટેક્સ બાર એસોશીએશનના નવનિયુક્ત હોદ્દેદારોને શુભેચ્છા




-: શુભેચ્છક :-
અજયભાઈ મહેતા, ટેક્સ ટુડે પ્રતિનિધિ, ભાવનગર,
ટેક્સ ટુડે અને સમગ્ર ટેક્સ ટુડે ટિમ

# શું સોનાના દાગીના ઉપર હોલમાર્કિંગ થઈ ગયું છે ફરજિયાત???

## કેન્દ્ર સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ જિલ્લાઓમાં ૧૬ જૂનથી હોલમાર્કિંગ બની ગયું છે ફરજિયાતા!!!

તા. ૨૯.૦૬.૨૦૨૧: સોનુંએ વર્ષોથી ભારતમાં રોકાણ માટે તથા સામાજિક દ્રષ્ટિએ ખૂબ મહત્વનું સ્થાન ધરાવે છે. દીકરીના લગ્ન પ્રસંગ હોય કે બાળકનો જન્મપ્રસંગ, સોનું એ ભેટ-સોગાદનું સૌથી પસંદગીનો વિકલ્પ રહેતો હોય છે. વડીલો સોનાને ઉતમ રોકાણનો સ્રોત પણ ગણતાં આવ્યા છે. સોનાની શુદ્ધતા બાબતે ઘણીવાર પ્રશ્નો ઉઠતાં રહેતા હોય છે. સામાન્ય ગ્રાહક માટે સોનાની શુદ્ધતા નક્કી કરવી ક્યારેય શક્ય રહેતી હોતી નથી. બ્યૂરો ઓફ ઈંડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) ભારત સરકારની એવી કચેરી છે છે અલગ અલગ વસ્તુઓની શુદ્ધતા, યોગ્યતા અંગે પ્રમાણિત કરવાનું કામ કરે છે. BIS દ્વારા સોનાની શુદ્ધતા અંગે 'હોલમાર્ક' આપવાનું કાર્ય વર્ષ ૨૦૦૦ની સાલથી શરૂ કરવામાં આવ્યું છે. કોઈ પણ સોનાના ઘરેણાંમાં જ્યારે હોલમાર્કનું પ્રમાણપત્ર મળે ત્યારે આ સોનાની શુદ્ધતા તથા તેનું વજન યોગ્ય છે તેમ માની લેવામાં આવે છે. સોનાના વેપારી (સોની)એ હોલમાર્ક યુક્ત સોનાનું વેચાણ કરવા ઇ ઈં જ પાસેથી નોંધણી મેળવવાની રહેતી હોય છે. આ નોંધણી https://bis.gov.in ઉપર ઓનલાઈન મેળવવાની થતી હોય છે. સોનાની શુદ્ધતા અને વજન અંગે પ્રમાણિતતા માટે ગ્રાહકો હવે મોટા પાયે હોલમાર્ક વાળું સોનું ખરીદતા થયા છે.

B I S દ્વારા ૧૫ જાન્યુઆરી ૨૦૨૧થી સોનાના ઘરેણાંમાં હોલમાર્ક ફરજિયાત બનાવવા અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. આ જાહેરનામામાં એક્સપોર્ટ માટેનું સોનું, બે ગ્રામથી નીચે હોય તેવા ઘરેણાં, મેડિકલ-ડેન્ટલ ઉપયોગ માટેનું સોનું, ઉત્પાદનની પ્રક્રિયામાં હોય તેવું સોનું, સોનાની દોરી, સોનાની લગડી, સોનાની પેન તથા ઘડિયાળ, કુંદન-પોકી જેવા આભૂષણોને ફરજિયાત હોલમાર્ક કરાવવા ના નિયમમાંથી મુક્તિ આપવામાં આવી હતી. ખાસ ઉલ્લેખનીય છે કે ૪૦ લાખ સુધીના ટર્નઓવર ધરાવતા સોનીઓને પણ ફરજિયાત હોલમાર્કમાંથી મુક્તિ આપવામાં આવી છે. ફરજિયાત હોલમાર્કના આ નિયમનો અમલ ૧૫ જાન્યુઆરી ૨૦૨૧ થી વધારવામાં આવ્યો હતો અને ત્યાર બાદ ૦૧ જૂનથી લાગુ કરવા નિર્ણય કરવામાં આવ્યો હતો. વધુ આ ફરજિયાત હોલમાર્કિંગના નિયમમાં વધારો કરી ૧૬ જૂનથી આ નિયમ લાગુ કરવા અંગે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. આમ, ૧૬ જૂન ૨૦૨૧ થી દેશભરમાં સોનાના




દાગીના ઉપર ફરજિયાત હોલમાર્કિંગનો નિયમ લાગુ પડી ગયો છે. ૨૩ જૂનના રોજ એક જાહેરનામું બહાર પાડી આ નિયમોમાં એવો ફેરફાર કરવામાં આવ્યો છે કે આ જાહેરનામામાં જે જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો હોય તેવા જ જિલ્લાઓમાં આ ફરજિયાત હોલમાર્કિંગનો નિયમ લાગુ પડશે. ગુજરાત રાજ્યની વાત કરીએ તો ૨૭ જિલ્લાઓ પૈકી ગીર સોમનાથ, જુનાગઢ સહિતના ૨૩ જિલ્લાઓમાં આ ફરજિયાત હોલમાર્કિંગનો નિયમ અમલી બની ગયો છે. ૨૩ જૂનના જાહેરનામામાં દેશના અન્ય રાજ્યો અને કેન્દ્ર શાશીત પ્રદેશોના જિલ્લાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હાલ, દાદરાનાગર હવેલી, દમણ-દીવ જેવા મોટાભાગના નાના કેન્દ્ર શાશીત પ્રદેશોનો સમાવેશ આ યાદીમાં કરવામાં આવ્યો નથી. આમ, હાલ આ પ્રદેશોમાં ફરજિયાત હોલમાર્કિંગના નિયમનો અમલ થશે નહીં.

ફરજિયાત હોલમાર્કિંગ અંગે વાત કરતાં દીવના જાણીતા એસ. એમ. જ્વેલર્સના મૃગાંકભાઈ પટ્ટણી જણાવે છે કે "સોનાના ઘરેણાંએ ભારતીયોને ખૂબ પ્રિય છે. દરેક સારા પ્રસંગોમાં તેમજ તહેવારોમાં સોનાની ખરીદી કરવાનું ભારતીયો સુકનરૂપ માને છે. હું માનું છું કે ભલે દમણ તથા દીવમાં હાલ હોલમાર્કિંગ ફરજિયાત નથી તો પણ અમારા સોની વેપારી ભાઈઓએ હોલમાર્ક માટે રજીસ્ટર થઈ જવું જોઈએ. જો આમ કરવામાં નહીં આવે તો જાગૃત નાગરિકો સોનાની ખરીદી દીવમાંથી નહીં કરી બહારથી કરશે અને સરવાળે તમામના ધંધામાં મંદી આવી શકે છે." આ અંગે વધુમાં જણાવતા ઉનાના જાણીતા જ્વેલર સી. જી. જ્વેલર્સના વિજયભાઈ વાળા જણાવે છે કે "હોલમાર્કિંગએ સોનાના વેચાણ માટે ખૂબ જરૂરી અને મહત્વનુ છે. હોલમાર્કના કારણે ગ્રાહક અને વિક્રેતા વચ્ચે વિશ્વાસ વધે છે. વેપારી તરીકે હોલમાર્ક દાગીનાનું વેચાણ કરવું સહેલું છે તેવી રીતે ગ્રાહક જ્યારે ભવિષ્યમાં પોતાના સોનાનો બદલો કરવા જાઈ ત્યારે પણ આ હોલમાર્ક તેમના માટે ખૂબ ઉપયોગી સાબિત થાય છે. સરકાર દ્વારા હોલમાર્કિંગ અંગે વધુ માહિતી વેપારીઓને આપવામાં આવે તે જરૂરી છે." આ અંગે એક ગ્રાહક તરીકે વાત કરતાં દીવના કૌશલ પારેખ જણાવે છે કે- "હું સોનાને એક રોકાણ તરીકે મહત્વનો સ્રોત ગણું છું. એક ગ્રાહક તરીકે હું ચોક્કસ માનું છું કે હોલમાર્કિંગના આ નવા નિયમના કારણે સોનાની શુધ્ધતા બાબતેની શંકા-કૂશંકા ગ્રાહકોના મનમાંથી દૂર થઈ જશે. કદાચ આમ કરવાથી સોનાનો ભાવ ચોક્કસ વધી શકે છે."

ફરજિયાત હોલમાર્કિંગના નિયમના કારણે સોનાના ઘરેણાંનું ઉત્પાદન તથા વેપાર કરનાર સોનીઓને ચોક્કસ થોડી તકલીફ પડશે પરંતુ નિષ્ણાંતો આ ફરજિયાત હોલમાર્કિંગના નિયમને ગ્રાહકો માટે ખૂબ જરૂરી અને મહત્વનો માની રહ્યા છે. આ નિયમથી સોનાના વેચાણમાં થતી ગેરરીતિઓ દૂર થશે અને સોનાના વેચાણને આ નિર્ણયથી વેગ મળશે તેવું પણ માનવમાં આવી રહ્યું છે.

(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)

# જી.એસ.ટી. પોર્ટલ ઉપર આવ્યા આ મહત્વના ફેરફારો જે જાણવા છે તમારા માટે જરૂરી

તા. ૦૭.૦૭.૨૦૨૧: જી.એસ.ટી. પોર્ટલ ઉપર હાલ અમુક મહત્વના ફેરફારો લાગુ કરવામાં આવ્યા છે. આ ફેરફારો કરદાતાઓ ખાસ કરીને ટેક્સ પ્રોફેશનલ્સ માટે જાણવા ખૂબ જરૂરી છે. અત્યાર સુધી GSTR 1માં બતાવવામાં આવેલ વેચાણની વિગતો ઓટો પોપ્યુલેટ થતાં GSTR 3Bમાં આવી જતી હતી. પરંતુ ટેકનિકલ કારણોસર ત્રિમાસિક રિટર્ન ભરતા કરદાતાઓ દ્વારા ભરવામાં આવતા ઈવોઈસ ફર્નિશિંગ ફેસિલિટી (IFF)નો ડેટા GSTR 3Bમાં ઓટો પોપ્યુલેટ થતો ના હતો. આમાં હવે સુધારો કરી GSTR 1 ઉપરાંત IFFમાં દર્શાવિલ સપ્લાય પણ GSTR 3Bમાં ઓટો પોપ્યુલેટ થઈ જશે તેવો સુધારો કરવામાં આવ્યો છે. જોકે આ ઓટો પોપ્યુલેટ થતું GSTR 3B આવકારદાયક રીતે એડીટેબલ હોય છે.

આ ઉપરાંત ત્રિમાસિક GSTR-1 પણ જ્યારે NIL ભરવાના હોય ત્યારે SMS દ્વારા ભરવાની સુવિધા શરૂ કરવામાં આવી છે. હાલ, આ સુવિધા માત્ર માસિક GSTR 1 માટે ઉપલબ્ધ હતી. આ સુવિધા શરૂ થતાં NIL GSTR 1 ભરવા વાળા કરદાતા માટે સરળતા રહેશે. કરદાતાએ પોતાના મોબાઈલમાંથી NIL R1 GSTIN 06 2021 કરવાનું રહેશે જ્યાં એટલે વચ્ચે જગ્યા અને છેલ્લે ૦૬૨૦૨૧ એ ત્રિમાસિકનો છેલ્લો મહિનો અને વર્ષ એમ ગણવાનું રહેશે. જોકે SMS વડે રિટર્ન ભરવાની આ સુવિધા એવા કિસ્સામાં નહીં મળે જ્યાં ત્રિમાસના કોઈ માસ માટે IFF સબમિટ કર્યું હશે પણ ફાઈલ કર્યું હશે નહીં.

આ ઉપરાંત પોર્ટલ ઉપર ત્રિમાસિક રિટર્ન ભરતા કરદાતાઓ કે જેઓના નોંધણી દાખલા રદ કરવાના થતાં હોય તેમના માટે એક મહત્વનો ખુલાસો કરવામાં આવ્યો છે. આ ખુલાસા મુજબ જે કરદાતાના નોંધણી દાખલા કોઈ પણ ત્રિમાસ વચ્ચે રદ કરવાના થતાં હોય તેઓએ પોતાના રિટર્ન સંપૂર્ણ ત્રિમાસ માટે ભરવાના રહેશે. ઉદાહરણ તરીકે કોઈ કરદાતાનો નોંધણી દાખલો ૦૧ મે ૨૦૨૧ થી રદ કરવા પાત્ર હોય તો તેઓએ રિટર્ન તો સંપૂર્ણ ત્રિમાસ માટે ભરવાનું રહેશે.

આ પ્રકારે રિટર્ન ભરવાની સુવિધા રદની તારીખથી પછીના મહિનામાં શરૂ કરી આપવામાં આવશે. આમ, ૦૧ મે ના રોજ રદ થયેલ નંબર માટે રિટર્ન ભરવાની સુવિધા ૦૧ જૂનએ શરૂ કરી આપવામાં આવશે. કરદાતાઓએ તથા ટેક્સ પ્રોફેશનલ્સ આ ફેરફારો ધ્યાને લે તે જરૂરી છે.

ભવ્ય પોપટ, ટેક્સ ટુડે

# મહેસાણા સેલટેક્ષ બાર એસોસિએશનની એન્યુઅલ જનરલ મીટીંગ યોજાઈ



**પ્રતિનિધિ દ્વારા,**

તારીખ ૨૬/૦૬/૨૦૨૧ને શનિવારના રોજ મહેસાણા સેલટેક્ષ બાર એસોસિએશનની એન્યુઅલ જનરલ મીટીંગ (AGM) હોટલ વન ટેન વિસનગર રોડ મહેસાણા ખાતે મળી જેમાં બે વર્ષ દરમિયાન કરેલ કાર્યોની સમીક્ષા તથા હિસાબોનુ વાંચન કરી સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા તથા જીએસટી ડીપાર્ટમેન્ટ અને જીએસટી પોર્ટલ દ્વારા ટેક્ષ પ્રેક્ટીશનર તથા વેપારીઓને પડતી મુશ્કેલીઓ અંગે ચર્ચા કરી જે તે અધિકારીઓ સામે રજુઆત કરવાનુ સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યુ. મીટીંગને અંતે ૨૦૨૧/૨૨ તથા ૨૦૨૨/૨૩ના વર્ષ માટેની નીચે મુજબ નવીન હોદ્દેદારોની સર્વાનુમતે નિમણુક કરવામાં આવી.

૧, પ્રેસીડેન્ટઃ બાબુભાઈ જે ઓઝા
૨, વાઈસ પ્રેસીડેન્ટઃ પ્રવીણભાઈ એમ નાયક
૩, સેક્રેટરીઃ દશરથભાઈ એસ પટેલ
૪, જોઈન્ટ સેક્રેટરીઃ અશોકભાઈ વી પટેલ

ટેક્ષ રિપોર્ટર હર્ષદકુમાર વી ઓઝા
ઉત્તર ગુજરાત ઝોન, મહેસાણા

# નાના વેપારીઓને કંપનીઓ પાસેથી આવી રહ્યા છે ઈ મેઈલ તથા વોટ્સ એપ. જાણો શું કામ આવી રહ્યા છે આ ઈ મેઈલ અને વોટ્સ એપ???

## ૧ જુલાઈ ૨૦૧૭થી TDS તથા TCS અંગે નવો નિયમ લાગુ થવાનો છે જે અંતર્ગત નિયત વ્યક્તિઓ ઉપર બમણા દરે TDS/TCS લાગુ પડશે. કંપનીઓ માંગી રહી છે વેપારીઓ પાસેથી 'ડિકલેરેશન'

તા. ૨૪.૦૬.૨૦૨૧: છેલ્લા થોડા દિવસોથી વેપારીઓને કંપનીઓ તરફથી ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ તેઓએ રિટર્ન ભરેલા છે અને તેમના પાછલા વર્ષોના TDS/TCS પચાસ હજાર કે તેથી વધુ નથી થયું તે અંગે ડિકલેરેશન માંગવામાં આવી રહ્યા છે. વેપારીઓ પોતાના ટેક્સ પ્રેકટિશનર્સને આ ડિકલેરેશન અંગે પુછતા હોય છે. આ ડિકલેરેશન એટ્લે માંગવામાં આવી રહ્યા છે કારણકે ઈન્કમ ટેક્સ હેઠળ ૦૧ જુલાઈ ૨૦૨૧ થી એક નવો નિયમ અમલી બનવા જઈ રહ્યો છે. આ નિયમ મુજબ જો કોઈ ખરીદનાર કે વેચનાર ઉપર કોઈ દરે TDS કે TCS થવા પાત્ર છે અને તેણે જો પોતાનું પાછલા બે વર્ષનું ઈન્કમ ટેક્સ રિટર્ન ભર્યું નથી અને પાછલા બે વર્ષમાં તેનામાં થયેલ TDS કે TCS પચાસ હજાર કે તેથી વધુ હોય તો તેમના ઉપર જે સામાન્ય દરે ઝઉજ કે ઝઈજ થવા પાત્ર હોય તેના કરતાં બમણા દરે અથવા ૫% જે વધુ હોય તે દરે TDS કે TCS કરવા પાત્ર બનશે. કોઈ વ્યક્તિ આ બન્ને શરતો પૂર્ણ કરતો હશે તો જ આ વધારાના TDS/TCSની જોગવાઈ લાગુ પડશે. આ અંગે વાત કરતાં બરોડાના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ચિંતન પોપટ જણાવે છે કે "આ બન્ને શરતો ભાગ્ય જ ક્યાક પૂરી થતી હોય છે. આમ, આ નવી જોગવાઈનો વ્યાપ મારા મત મુજબ ખૂબ મર્યાદિત રહેશે. કંપનીઓ, મોટા કરદાતાઓ પોતાના ખરીદનાર વેચનાર પાસેથી આ ડિકલેરેશનનો આગ્રહ કરવાના બદલે, ઈન્કમ ટેક્સ વેબસાઈટ ઉપર તેઓને આપવામાં આવેલ ફેસિલિટી વડે આ માહિતી મેળવી શકે છે. ડ્યુ ડિલિજન્સ માટે આ પૂરતું ગણાય".

હાલ, કંપનીઓ, મોટા કરદાતાઓ આ પ્રકારે ડિકલેરેશન જલ્દી પૂરું પાડવા નાના કરદાતાઓણે દબાણ કરી રહ્યા છે તેવા સમાચાર છે. જ્યારે ઈન્કમ ટેક્સ પોર્ટલ ઉપર તેમના દ્વારા જાતે આ વિગતોની ખરાઈ કરવામાં આવે તે જરૂરી છે. આ અંગે ૨૨ જૂન ૨૦૨૧ ના રોજ પ્રેસ રીલીઝ દ્વારા ખુલાસો પણ કરવામાં આવ્યો છે.

ભવ્ય પોપટ, ટેક્સ ટુડે

# મહેસાણા સેલ્સ ટેક્ષ બાર એસોશિએશનનું પ્રશંસનીય કાર્ય

**પ્રતિનિધિ દ્વારા**

મહેસાણા સેલ્સ ટેક્ષ બાર એસોશિએશન દ્વારા હોટલ વન-ટેનમાં મહેસાણા સેલ્સ ટેક્ષ ભવન, બહુમાળી ભવન, મહેસાણા ઘટક-૩૦માં ફરજ બજાવતાં મારી પરિભાષામાં કહું તો સેવક (સરકારી હોદ્દોઃ પટાવાળા) શ્રી નટુભાઈ પરમારનું વયમર્યાદાના કારણે નિવૃત થતાં શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું.

અત્રે ઉલ્લેખનીય છે કે મહેસાણા સેલ્સ ટેક્સબાર એસોશિએશનનો આવો કોઈ નિયમ કે પ્રણાલી નથી પરંતુ આ તો નટુભાઇના સેવાકાર્યને આભારી છે, નટુભાઈ પરમાર અમારી માતૃસંસ્થાને મંદિરની માફક નિયમિત સાફ-સૂફ કરી સ્વચ્છ રાખતાં તેમજ દરેક વકીલ મિત્રોનું કામ પણ કોઈ પણ માંગણી કે અપેક્ષા વગર હોંશે-હોંશે સદાય હસતાં મુખે કરતાં હતા.

નટુભાઇના સમર્પણથી પ્રભાવિત થઈને આ લેખકડો કલમ ઉપાડવા પ્રેરાયો. હોદ્દો કે પદ એ તો ક્ષણ ભંગૂર કે નાશવંત છે, પણ પ્રેમ તો સનાતન છે. હોદ્દામાંથી અભિમાન પોષતા કહેવાતા પદાધિકારીએ જાણવું જોઈએ કે આ આપણી આ વિશાળ પૃથ્વી પણ બ્રહમાંડમાં એક માત્ર રાઈના દાણા જેટલી હેસિયત ધરાવે છે, ત્યારે મનુષ્યની આ માત્ર ને માત્ર સત્તા માટેની દોડ તો હાસ્યપદ જ લાગે ને !!! આપણી પહેચાન કોઈ હોદ્દાની મોહતાજ ન હોવી જોઈએ બલ્કે કોઈ આગવી આવડત કે કૌશલ્યને આધીન હોવી જોઈએ અને તે પણ સભ્યોના કલ્યાણ માટે કાયમી ઉપયોગી વ્યવસ્થા ઊભી કરી લોકોના દિલમાં બિરાજવાનો આનંદ જ અનેરો છે.

મહેસાણા સેલ્સ ટેક્સબાર એસોશિએશને નાત-જાત, ઊંચ-નીચ, હોદ્દો-બોદ્દો કરતાં નટુભાઇના સેવાકાર્યને જોતાં એક સરાહનીય કાર્ય કર્યું છે.

**(ટેક્ષ રિપોર્ટર હર્ષદકુમાર વી ઓઝા, ઉત્તર ગુજરાત ઝોન, મહેસાણા)**

# નોર્થ ગુજરાત ટેક્ષ પ્રેકટીશનર એસોસિએશનની એસોસિએશનની એન્યુઅલ જનરલ મીટીંગ (AGM) ઓનલાઈન યોજાઇ

**પ્રતિનિધિ દ્વારા,**

નોર્થ ગુજરાત ટેક્ષ પ્રેકટીશનર એસોસિએશનની એસોસિએશનની એન્યુઅલ જનરલ મીટીંગ (AGM) ઓનલાઈન મળી જેમાં વર્ષ દરમિયાન કરેલ કાર્યોની સમીક્ષા તથા હિસાબોનુ વાંચન કરી સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા તથા જીએસટી ડીપાર્ટમેન્ટ અને જીએસટી પોર્ટલ દ્વારા ટેક્ષ પ્રેક્ટીશનર તથા વેપારીઓને પડતી મુશ્કેલીઓ અંગે ચર્ચા કરી જે તે અધિકારીઓ સામે રજુઆત કરવાનુ સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યુ. મીટીંગને અંતે ૨૦૨૧/૨૨ તથા ૨૦૨૨/૨૩ના વર્ષ માટેની નીચે મુજબ નવીન હોદ્દેદારોની સર્વાનુમતે નિમણૂક કરવામાં આવી.

પ્રમુખઃ કિરીટકુમાર એન. પટેલ, પૂર્વ પ્રમુખ કિરણકુમાર એચ. ઠાકર (સિદ્ધપુર)
ઉપપ્રમુખઃ પિયુષભાઈ એન. પોપટ (પાટણ)
મંત્રીઃ ધવલકુમાર એ. પટેલ, સહમંત્રી વિશાલ બી ભાવસાર (કડી)
ટ્રેઝરરઃ રોનકકુમાર આઈ. શાહ (મહેસાણા)

**કારોબારી સભ્યોઃ**

જીતેન્દ્ર પી. આચાર્ય (ડીસા),
દિલીપકુમાર બી ઠક્કર (ડીસા)
સતીશ એન. બાનાવાલા(ડીસા),
મુલચંદભાઈ એસ ખત્રી(પાલનપુર),
નયનકુમાર કે રાવલ(પાલનપુર),
બાબુલાલ જે. ઓઝા,
રમેશભાઈ એસ મોદી (માણસા)
પ્રદીપ એમ. પટેલ,
જનાર્દન વી મોદી (વિસનગર),
સુરેશભાઈ બી. પટેલ (વિજાપુર)
ચંદ્રકાન્ત કે. લીમ્બાચીયા (ઊંઝા),
કૌશિકભાઇ એન. છાબડા (મહેસાણા)
ભુપેન્દ્રભાઇ આર. હરડે (મહેસાણા)
શાંતિલાલ સી. ઠક્કર (ડીસા)
જગદીશભાઇ એમ. વ્યાસ (ડીસા)
મહેન્દ્રભાઇ એચ. સ્વામી

ટેક્ષ રિપોર્ટર હર્ષદકુમાર વી. ઓઝા
ઉત્તર ગુજરાત ઝોન, મહેસાણા

# GSTR 3Bમાં ક્લેઇમ કરવામાં આવેલ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ અને GSTR 2Aના તફાવતના કારણે ઊભી કરવામાં આવેલ ડિમાન્ડ ઉપર સ્ટે ફરમાવતી છત્તીસગઢ હાઇકોર્ટ

તા. ૦૩.૦૭.૨૦૨૧: જી.એસ.ટી. કાયદા હેઠળ કોઈ વેચનાર જ્યારે સરકારમાં ટેક્સ જમા ના કરાવે અને પોતાના વેચાણ અંગેની વિગતો જી.સ.ટી. પોર્ટલ ઉપર અપલોડ ના કરે તો ખરીદનારની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ નામંજૂર કરવાની સત્તા અધિકારીને આપવામાં આવી છે. બીજા શબ્દોમાં કહીએ તો જો ખરીદનારના 2Aમાં વેચનારની વિગતો જો દર્શાવતી ના હોય તો તેની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ તેને મળવા પાત્ર નથી. આ નિયમ ખરીદનાર માટે ક્યારેક ખૂબ ગંભીર મુશ્કેલી ઊભી કરી આપે છે. કરદાતાના GSTR 2Aમાં ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ઓછી દર્શાવતી હોવાના કારણે ભારત એલ્યુમિનિયમ કંપની ઉપર ૮૮૫૮ લાખ જેવી મોટી રકમનું ડિમાન્ડ જી.એસ.ટી. ડિપાર્ટમેંટ તરફથી ઊભું કરવામાં આવ્યું હતું. આ ડિમાન્ડ સામે કરદાતાએ છતીસગઢ હાઈકોર્ટમાં રિટ પિટિશન કરવામાં આવી હતી. કરદાતા વતી તેમના વકીલ દ્વારા હાઈકોર્ટમાં મદ્રાસ હાઈકોર્ટના D Y Beathel Enterpriseનો ચુકાદો ટાંકી દલીલ કરવામાં આવી હતી કે જી.એસ.ટી. હેઠળ વેચનારની ભૂલના કારણે ખરીદનાર પાસેથી જી.એસ.ટી. વસૂલી શકાય નહીં. જી.એસ.ટી. માં આ પ્રકારે જોગવાઈ હોવા છતાં આ જોગવાઈનો ઉપયોગ માત્ર અસામાન્ય પરિસ્થિતીમાં જ કરવો જોઈએ. જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા પહેલા તો વેચનાર પાસેજ રિકવરી કરવાની રહે. સરકાર તરફથી ઉપસ્થિત વકીલ દ્વારા આ અંગે ફાઈલ કરવા મુદત માંગવામાં આવતા હાઈકોર્ટ દ્વારા કુલ માંગણાની રકમના ૫% રકમ ભરી આદેશ ઉપર સ્ટે મૂકી દેવામાં આવ્યો હતો. આ પ્રકારની કનડગત અનેક કરદાતાઓને થઈ રહી હોવાના સમાચાર મળી રહ્યા છે. આ તમામ કરદાતાઓ માટે મદ્રાસ હાઈકોર્ટનો D Y Beathel Enterpriseનો ચુકાદો તથા છતીસગઢ હાઈકોર્ટનો આ ચુકાદો ઉપયોગી બનશે તેવું નિષ્ણાંતો માની રહ્યા છે.

(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)

# સ્ટેટ જી.એસ.ટી. દ્વારા એક સાથે ૭૧ સ્થળોએ પાડવામાં આવ્યા દરોડાઃ કરચોરોમાં ફફડાટ

## માધવ કોપર લિમિટેડ દ્વારા બોગસ વ્યવહારો વડે ૭૫ કરોડની ખોટી ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવાનું આવ્યું બહાર

તા. ૧૦.૦૭.૨૦૨૧: સ્ટેટ જી.એસ.ટી. (SGST) ડિપાર્ટમેંટ દ્વારા ૦૭ જુલાઈ ૨૦૨૧ ના રોજ સવારે કુલ ૩૬ જેટલી પેઢીઓ, કંપનીઓ, બોગસ બિલિંગ ઓપરેટરોના ૭૧ જેટલા સ્થળો ઉપર એક સામટી ત્રાટકી હતી. આ સ્થળોમાં ભાવનગર, અમદાવાદ, ગાંધીનગર, પ્રતિજ, સુરત, રાજકોટ જેવા શહેરોનો સમાવેશ થતો હતો. સ્ટેટ જી.એસ.ટી.ની ૮૦ ટીમો આ કામગીરીમાં સામેલ થઈ હતી. આ કામગીરી ૦૭ થી ૦૯ જુલાઈ સુધી સતત ચાલુ હતી. તપાસના અંતે માધવ કોપર લિમિટેડ દ્વારા ૭૫ કરોડની ખોટી ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લીધી હોવાનું પ્રાથમિક તારણ નિકલવામાં આવ્યું હતું. આ ઉપરાંત ભાવનગરના અફઝલ સાદીકઅલી સવજાણી તથા પ્રાતિજના મીનાબેન રાઠોડ દ્વારા અલગ અલગ ૩૨ વ્યક્તિઓને લોન અપાવવાની લાલચ આપી બોગસ જી.એસ.ટી. નોંધણી મેળવી કૌભાંડ આચર્યું હોવાની પ્રાથમિક તપાસમાં જણાયું હતું. પ્રાતિજના મીનાબેન રાઠોડ દ્વારા બોગસ વ્યવહારો થકી સરકારી તિજોરીને ૧૦૯ કરોડનું તથા ભાવનગરના અફઝલ સાદીકઅલી સવજાણીએ આવા બોગસ વ્યવહારો થકી ૧૩૫ કરોડનું નુકસાન સરકારી તિજોરીને પહોચડ્યું છે તેવું તપાસમાં બહાર આવ્યું છે. આ બન્ને કરચોરોની સ્ટેટ જી.એસ.ટી. દ્વારા ધરપકડ કરી અમદાવાદ ખાતે મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ સામે રજૂ કરવામાં આવ્યા છે. અને ડિપાર્ટમેંટ દ્વારા મેજીસ્ટ્રેટ સામે આ વ્યક્તિઓની રિમાન્ડ માંગી હોવાના અહેવાલો છે.

જી.એસ.ટી. અમલી બન્યો છે ત્યારથી કરચોરી એ સરકાર માટે મોટી સમસ્યા બની ગઈ છે. એક સાથે રાજ્ય વ્યાપી દરોડાના કારણે કરચોરોમાં ફફડાટ વ્યાપી ગયો હોવાની માહિતી મળી રહી છે.

(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)

# ધી ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસોશીએશનની પ્રતિષ્ઠાભરી ચુંટણી યોજાઈ

## વિનોદભાઈ પરમાર બન્યા વર્ષ ૨૦૨૧-૨૨ માટે સંસ્થાના પ્રમુખ

તા. ૦૨.૦૭.૨૦૨૧: ગુજરાત રાજ્યના જી.એસ.ટી. ક્ષેત્રે પ્રેક્ટિસ કરતાં ટેક્સ પ્રોફેશનલ્સ માટેના સૌથી મોટા એસોશીએશન ધી ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસોશીએશનની ચુંટણી ૦૧ જુલાઈ ૨૦૨૧ ના રોજ ઓરિએન્ટ કલબ, અમદાવાદ ખાતે યોજાઈ હતી. આ ચુંટણીમાં કુલ ૧૨ ઉમેદવારો હતા. આ પૈકી ૧૧ સભ્યોને કારોબારી સમિતિના સભ્યો તરીકે ચૂંટવાના હતા. સવારે ૧૧ થી ૩ વચ્ચે યોજાયેલ મતદાન માટે અમદાવાદ તથા સમગ્ર રાજ્યમાંથી સંસ્થાના સભ્યો મત આપવા માટે આવ્યા હતા. આ ચુંટણીમાં કુલ ૪૪૩ મતો આપવામાં આવ્યા હતા. મતદાન બાદ મતગણતરી હાથ ધરવામાં આવી હતી જેમાં કુલ મતો પૈકી ૯ મતો રદ થયા હતા. આ પ્રતિષ્ઠાસભર ચુંટણીમાં ઉમેદવારોને નીચે મુજબ મતો મળ્યા હતા.

(ઉમેદવારોના ક્રમ અંગ્રેજી આલ્ફાબેટ પ્રમાણે આપેલ છે)

| | ઉમેદવારનું નામ | મળેલ મત |
|---|---|---|
| ૧. | બિપિનભાઈ ભાવસાર | ૪૩૪ |
| ૨. | દર્શિતભાઈ શાહ | ૪૩૪ |
| ૩. | ધ્રુવભાઈ શાહ | ૪૩૩ |
| ૪. | હર્નિશભાઈ મોઢ | ૪૨૨ |
| ૫. | જયેશભાઈ શાહ | ૪૩૨ |
| ૬. | કિરીટભાઈ પટેલ-મહેસાણા | ૪૩૦ |
| ૭. | મેહુલભાઈ શાહ | ૪૩૩ |
| ૮. | નિતેશભાઈ શાહ | ૪૩૩ |
| ૯. | નરેન્દ્રભાઈ કરકર | ૪૩૨ |
| ૧૦. | શૈલેષભાઈ મકવાણા | ૪૨૯ |
| ૧૧. | વિનોદભાઈ પરમાર | ૪૨૫ |

મતગણતરી બાદ કારોબારી સમિતિની પ્રથમ બેઠકમાં હોદેદારોની નિમણૂંક કરવામાં આવેલ હતી.

વર્ષ ૨૦૨૧-૨૨ માટેના સંસ્થાના હોદેદારો નીચે મુજબ રહેશે.

૧. વિનોદભાઈ પરમાર-પ્રમુખ
૨. હર્નિશભાઈ મોઢ-ઉપ પ્રમુખ
૩. શૈલેષભાઈ મકવાણા-માનદ્ મંત્રી
૪. કિરીટભાઈ પટેલ-માનદ્ મંત્રી
૫. નરેન્દ્રભાઈ કરકર-ખજાનચી

ચુંટણીની પ્રક્રિયા સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ કોરોના પ્રોટોકોલને ધ્યાને રાખી વારીશભાઈ ઈશાનીની આગેવાનીમાં ચુંટણી સમિતિ દ્વારા પાર પાડવામાં આવી હતી.

(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)

# અઢી લાખ સુધીની રકમ કોઈ ગૃહિણીએ નોટબંધી દરમ્યાન જમા કરાવી હોય તો ના લાગે કોઈ ટેક્સ!!

## ઈન્કમ ટેક્સની આગ્રા ટ્રિબ્યુનલ દ્વારા આપવામાં આવ્યો મહત્વનો ચુકાદોઃ કોઈ ગૃહિણીએ પોતાની બચતમાંથી ૨,૫૦,૦૦૦/- સુધીની રકમ જમા કરાવે તો તેના ઉપર ઈન્કમ ટેક્સ લાગી શકે નહીં

તા. ૨૨.૦૬.૨૦૨૧: નોટબંધી દરમ્યાન બેન્ક ખાતામાં રોકડ જમા કરાવવા બાબતે અનેક કરદાતાઓને ઈન્કમ ટેક્સ દ્વારા નોટિસ આપવામાં આવી હતી. આ પૈકી અમુક કરદાતાઓના કેસમાં મોટી રકમના માંગણા આકારણી દરમ્યાન ઊભા કરવામાં આવેલ છે. આ આકારણી પૈકી એક આકારણી સામે અપીલ કરવામાં આવી હતી. શ્રીમતિ ઉમા અગ્રવાલ વી. ઈન્કમ ટેક્સ ઓફિસર વોર્ડ ૧(૩)ના કેસમાં આ અંગે ખૂબ મહત્વનો સિદ્ધાંત પ્રતિપાદિત કરતાં ઈન્કમ ટેક્સ ટ્રાઈબ્યુનલની આગ્રા બેન્ચ દ્વારા ચુકાદો આપી જાહેર કરવામાં આવ્યું છે કે અઢી લાખ સુધીની રકમ એક ગૃહિણી દ્વારા પોતાની બચત માંથી જમા કરાવવામાં આવે તો તેના ઉપર ટેક્સ આકારી શકાય નહીં. ટ્રાઈબ્યુનલમાં ખાસ નોંધ કરવામાં આવી હતી કે ગૃહિણી પોતાનો સમગ્ર સમય પોતાના ઘરનું ધ્યાન રાખવામા વ્યતીત કરતી હોય છે. બાળકનું ધ્યાન રાખવું, ખાવાનું બનાવવું ઘરની સંભાળ રાખવી જેવા કામમાં પોતાનું સમગ્ર જીવન વ્યતીત કરતી હોય છે. ટ્રાઈબ્યુનલે નોંધ્યું હતું કે ભલે ગૃહિણી કામ કરવા માટે બહાર જઈ આવક નથી રળતી પરંતુ પોતાના ઘરને સાચવી અનેક બચત કરતી હોય છે. પોતાના પરિવાર પ્રત્યેના પ્રેમને કારણ તે આ તમામ સેવાઓ નિસ્વાર્થ રીતે કરતી હોય છે અને આ સેવાઓ માટે કોઈ રકમ લેતી હોતી નથી. પોતાના પતિ પાસેની આવક માંથી ખર્ચા માટે મળેલ રકમમાં બચત કરી કરીને ભેગી કરેલ રકમ નોટબંધીના કારણે આ ગૃહિણીઓએ બેન્કમાં જમા કરાવવા ફરજ પડી હતી. કરદાતા તરફે દલીલ કરતાં તેમના વકીલે જણાવ્યુ હતું કે પ્રધાનમંત્રી મોદીજીએ પોતાના ભાષણમાં જણાવ્યુ હતું કે નોટબંધીમાં અઢી લાખ સુધીની રકમ જમા કરાવવામાં આવે તો કોઈ તપાસ કરવામાં આવશે નહીં. આગ્રા ટ્રાઈબ્યુનલે પોતાના ચુકાદામાં ખાસ મનુસ્મૃતિનું એક સુભાષિત ટાંક્યું છે જેનું ગુજરાતીમાં ભાષાંતર છે 'જ્યાં સ્ત્રીઓની પુજા થાય છે, ત્યાં પ્રભુની હાજરી હોય છે, જ્યાં સ્ત્રીઓની પુજા થતી નથી ત્યાં તમામ કાર્યો અસફળ નીવડે છે'.

ટ્રાઈબ્યુનલ દ્વારા સ્ત્રીઓની 'નોશનલ ઈન્કમ' બાબતના માનનીય સર્વોચ્ચ ન્યાયાલયના ચૂકાદાઓને પણ ધ્યાને લીધા છે. આ ચુકાદામાં ભારત સરકારની તા. ૧૮.૧૧.૨૦૧૬ ની એ પ્રેસ રીલીઝનો પણ ઉલ્લેખ છે જેમાં ગૃહિણીઓની અઢી લાખ સુધીની જમા રકમ ઉપર કોઈ પગલાં ના ભરવા જાહેરાત કરી છે. હા, ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ પાસે જો પાકે પાયે માહિતી હોય કે કોઈ ગૃહિણીએ પોતાના નહીં પણ કોઈ અન્ય વ્યક્તિની રકમ પોતાના ખાતામાં જમા કરાવેલ છે તો ડિપાર્ટમેંટ આ અંગે પગલાં લઈ શકશે. પણ આ અંગે સાબિતીનો બોજો ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટનો રહે. ટ્રાઈબ્યુનલે નોંધ્યું હતું કે આ કેસમાં અધિકારી દ્વારા એવું કશું પુરવાર કરવામાં આવ્યું નથીકે આ જમા કરાવેલ રકમ એ કોઈ બિન હિસાબી ધંધા કે અન્ય આવક પૈકીની આવક છે. આ ચુકાદામાં સ્પષ્ટતા કરવામાં આવેલ છે કે આ ચુકાદાનો લાભ એવી ગૃહિણીને મળશે જેમની બેન્કમાં જમા રકમ અઢી લાખ કે તેથી નીચે હોય. ઈન્કમ ટેક્સની આગ્રા બેન્ચનો આ ચુકાદો નોટબંધીના કેસો માટે ખૂબ ઉપયોગી બનેશે તેમ માનવમાં આવી રહ્યું છે.

(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)

(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઈ રીતે જવાબદાર રહેતા નથી.)

# શું છે સમુદ્રી ભાડું (Ocean freight) જી.એસ.ટી. કેવી રીતે લાગુ પડે આ Ocean Freight ઉપર વાંચો.... તજજ્ઞ અલ્કેશ જાનીનો આ વિશેષ લેખ

**By Alkesh Jani**

માલનું આયાત અથવા નિકાસ મુખ્યત્વે બે માર્ગે થાય છે. પહેલું હવાઈ માર્ગ અને બીજું સમુદ્રી માર્ગ. હવાઈ માર્ગને જીએસટીમાં, નોટિફિકેશન નંબર ૧૨/૨૦૧૭ CT (Rate) તારીખ ૨૮.૦૬.૨૦૧૭ ના સિરિયલ નંબર ૧૯થી, વેરા મુકિત આપવામાં આવી છે, માટે ચર્ચાનો મુખ્ય મુદ્દો સમુદ્રી માર્ગ અને તેના પર લાગતાં ભાડા પર રહેશે. સમુદ્રી ભાડું જેને અંગ્રેજીમાં Ocean Freight કહે છે.

૨. માલનું આયાત મુખ્યત્વે બે કરાર આધારિત હોય છે જેમાં;-

(i) FOB (Free On Board)
(ii) CIF (Cost, Insurance, Freight)

૨.૧ **(I) FOB (Free On Board):-** FOB, ફ્રી ઓન બોર્ડ જેમાં વિદેશી સપ્લાયર માલની ડિલિવરી તેના દેશના ચોક્કસ પોર્ટ એટલે કે બંદર પર પહોંચાડવાની જવાબદારી લે છે, ત્યારબાદ માલની જવાબદારી આયાતકારની રહે છે. આયાતકાર વિદેશી પોર્ટથી તે માલને તેને અનુકૂળ હોય એવા ભારતના પોર્ટ સુધી લાવવા માટે દેશી/વિદેશી શીપીંગ લાઈનની સેવા લેશે.

૨.૨ **(II) CIF (Cost, Insurance, Freight):-** CIF, કોસ્ટ, ઈન્સ્યોરન્સ અને ફ્રેઈટ એટલે કે માલની કિંમત, વીમો અને ભાડાની જવાબદારી વિદેશી સપ્લાયર લે છે. અમુક કિસ્સામાં CF એટલે કે માલની કિંમત અને ભાડાની જવાબદારી વિદેશી સપ્લાયર લે છે અને આયાતકાર ઈન્સ્યોરન્સની જવાબદારી લે છે.

૩. **સમુદ્રી ભાડા પર જીએસટીની અસરઃ–**

૩.૧ **(I) FOB:-** સમુદ્રી ભાડા એ 'સેવાની આયાત' છે કે કેમ તે નક્કી કરવા માટે આપણે તેની વ્યાખ્યા આઈ.જી.એસ.ટી. ની કલમ ૨ ની પેટાકલમ (૧૧) માં આપેલી છે તેને ધ્યાને લેવી જોઈએ અને તે નીચે મુજબ છેઃ-

'સેવાની આયાત'નો અર્થ સેવાનો પુરવઠો, જ્યાં

(i) સેવાનો પુરવઠાકાર ભારતની બહાર સ્થિત છે;
(ii) સેવાનો પુરવઠો પ્રાપ્ત કરનાર ભારતમાં સ્થિત છે; અને
(iii) સેવાના પુરવઠાનું સ્થળ ભારતમાં છે.



FOBના કિસ્સામાં જ્યારે વિદેશી સપ્લાયર માલને નક્કી કરેલા તેના દેશના પોર્ટ પર પહોંચાડવાની જવાબદારી લે છે અને જ્યારે તે માલ પહોંચાડે છે ત્યારે તેવું માની લેવાય કે માલિકીહક તબદીલ એટલે કે ટ્રાન્સફર થયો છે અને લેનાર આયાતકાર હવે તે માલનો માલિક છે. આયાતકાર તે માલને તેના અનુકૂળ ભારતના પોર્ટ પર લાવવા માટે વિદેશી શીપીંગ લાઈનની સેવા લેશે. આ પ્રવૃત્તિ ચોક્કસપણે ઉપરની વ્યાખ્યામાં બંધ બેસતી હોવાથી તેને 'સેવાની આયાત' માનવામાં આવશે અને તેના પર લાગુ પડતા દરે વેરો પણ ભરવો પડશે.

૩.૨ આઈ.જી.એસ.ટી.ની કલમ ૫ની પેટા કલમ (૩) અને નોટિફિકેશન નંબર 10/2017-IGST(Rate) તારીખ ૨૮.૦૬.૨૦૧૭ના Sl.No.10 મુજબ સેવાના પુરવઠા લેનાર પર, રિવર્સ ચાર્જ મુજબ, વેરાની જવાબદારી રહેશે.

૩.૩ ઉપરના કિસ્સામાં ધ્યાન આપવા જેવી બાબત એ છે કે, જો વિદેશી શીપીંગ લાઈનની સેવા લેવામાં આવે તો જ તે 'સેવાની આયાત'ની વ્યાખ્યામાં આવે અને રિવર્સ ચાર્જ મુજબ વેરો ભરવાની જવાબદારી લેનારની થાય, પણ જો શીપીંગ લાઈન ભારતમાં સ્થિત છે અને આયાતકાર તેની સેવા લે છે તો ફોરવર્ડ ચાર્જ એટલે કે રાબેતા મુજબ શીપીંગ લાઈનની વેરો ઉઘરાવવાની અને ભરવાની જવાબદારી થાય છે.

૪. **(II) CIF:-** આ કિસ્સામાં વિદેશી સપ્લાયર ભારતમાં નક્કી કરેલા પોર્ટ સુધી પહોંચાડવાની જવાબદારી લે છે એટલે જ્યાં સુધી માલ ભારતના પોર્ટ સુધી પહોંચે નહિં ત્યાં સુધી માલિકી હક તબદીલ કે ટ્રાન્સફર થતો નથી. વિદેશી સપ્લાયર શીપીંગ લાઇનની સેવા લે છે માટે તે ઉપરની 'સેવાની આયાત'ની વ્યાખ્યામાં આવતું નથી જેથી, આયાતકાર પર વેરો ભરવાની પણ જવાબદારી આવતી નથી.

૪.૧ જો કે ઉપરના કિસ્સામાં મતભેદના કારણે મામલો હાઈકોર્ટ સુધી પહોંચ્યો તેમાં નામદાર ગુજરત હાઈકોર્ટે મોહિત મિનરલ્સ પ્રા. લિ. વિરુદ્ધ ભારત સંઘ SCA નંબર 726-2018-HC-Guj મા એવું ઠરાવ્યું કે આયાતકાર સમુદ્રી માલના પરિવહનની સેવા લેનાર ગણી શકાય નહીં અને વિદેશી સપ્લાયર જે ભારતની બહાર સ્થિત છે તેણે શીપીંગ લાઈનની સેવા લીધેલી ગણાય. તેથી આયાતકાર પાસે વેરાની માંગણી કરી શકાય નહિં, કારણ કે તે સેવા લેનારની વ્યાખ્યામાં આવતો નથી.

૪.૨ વધુમાં કોર્ટે ઠરાવ્યું કે નોટિફિકેશન નંબર ૧૦/૨૦૧૭ના સિરિયલ નંબર ૧૦ તે આઈ.જી.એસ.ટી.ની કલમ ૫ની સત્તા બહારનું છે (ultra virus) અને આઈ.જી.એસ.ટી.ની કલમ ૧૫ મુજબ આયાતકાર સેવાનું મૂલ્ય નક્કી કરી શકતો નથી, જેથી તે ગેરબંધારણીય છે અને આયાતકાર વેરો ભરવા માટે જવાબદાર નથી.

૫. ઉપરની ચર્ચાને ધ્યાન રાખતા આપણે નીચેના તારણ પર આવી શકીએ કે

FOBના કિસ્સામાં જો શીપીંગ લાઈન ભારતમાં સ્થિત છે, તો વેરો ભરવાની જવાબદારી શીપીંગ લાઈનની થશે; અને જો શીપીંગ લાઈન ભારતની બહાર સ્થિત છે, તો જ વેરો ભરવાની જવાબદારી, રિવર્સ ચાર્જ મુજબ, આયાતકારની રહેશે.

CIFના કિસ્સામાં શીપીંગ લાઈન ભારત સ્થિત છે તો વેરો ભરવાની જવાબદારી શીપીંગ લાઈનની રહેશે; અને જો શિપિંગ લાઈન ભારત બહાર સ્થિત છે તો, નામદાર ગુજરાત હાઈકોર્ટના નિર્ણય મુજબ, આયાતકારની વેરો ભરવાની જવાબદારી થશે નહીં.

**ખાસ નોંધઃ–** દરેક કિસ્સામાં તથ્ય અને સંજોગો ને સમજવા જરૂરી હોય જેથી નિર્ણય લેતા પહેલા તમારા નજીકના નિષ્ણાતનું માર્ગદર્શન અવશ્ય લો.

લેખક જી.એસ.ટી. નિષ્ણાંત છે. જી.એસ.ટી. ઉપર અલગ અલગ વિષયો ઉપર તેમના ગુજરાતી બ્લોગ ખૂબ લોકપ્રિય છે. લેખકનો સંપર્ક કરવા અથવા આ લેખ અંગે કોઈ પ્રશ્ન-ટિપ્પણી કરવા આપ કોમેન્ટ બોક્ષનો ઉપયોગ કરી શકો છો અથવા janigst2017gmail.com લેખકને ઇ-મેઈલ પણ કરી શકો છો.

# સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન (SEZ)ને સપ્લાય અંગે વાંચો આ ખાસ લેખ

**By અલ્કેશ જાની**

૧. SEZ એટલે કે સ્પેશિયલ ઈકોનોમિક ઝોનને પૂરો પાડવામાં આવતા પુરવઠો એટલે કે સપ્લાયને સમજતા પહેલા આપણે આ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન શું છે તેના વિશે પણ થોડું જાણવું જોઈએ. ભારત સરકારે નિકાસને વેગ આપવા માટે સ્પેશિયલ ઈકોનોમિક ઝોન એક્ટ, ૨૦૦૫ અમલમાં લાવ્યા જેમાં સ્પેશિયલ ઈકોનોમિક ઝોન જાહેર કરેલા ક્ષેત્રમાં ઉદ્યોગની સ્થાપના કરે છે તેમને વિશેષ લાભ આપવામાં આવે છે.



૨. જ્યારે ડેવલોપર એસ.ઈ.ઝેડ. ક્ષેત્રનું નિર્માણ કરે છે અને કોઈ ઉદ્યોગસાહસિક તેમાં યુનિટ એટલે કે એકમ સ્થાપવા માગે છે તો તેમણે અધિકાર ક્ષેત્રના ડેવલોપમેન્ટ અધિકારીને અરજી કરવાની રહેશે. અરજીની સાથે લાગતા વળગતા ડોક્યુમેન્ટ્સ એટલે કે દસ્તાવેજ જેમાં ઉત્પાદન કરતા હોય તો ઉત્પાદનની પ્રક્રિયા, તેમાં ઉપયોગમાં લેવામાં આવે તેવી કાચી સામગ્રી અને સેવા વગેરે સાથે ની વિગતો આપવાની રહેશે, ત્યારબાદ બોર્ડ ઓફ એપ્રુવલ (Board of Approval) તેની સમીક્ષા કરી અને અધિકૃત કામગીરીને મંજૂરી આપશે જેને (LOA) 'લેટર ઓફ એપ્રુવલ' કહે છે. જોકે, અધિકૃત કામગીરી માટે મંજુરીમાં શરતો અને નિયંત્રણ પણ લાગુ પડતા હોય છે. એસ.ઈ.ઝેડ. યુનિટ ડ્યુટી ભર્યા વગર આયાત કરી શકે છે અને સ્થાનિક બજારમાંથી ખરીદી પણ કરી શકે છે. એસ.ઈ.ઝેડ.ની વ્યાખ્યા મુજબ ભારતની સીમાઓ પણ એસ.ઈ.ઝેડ. ક્ષેત્ર સિવાયની, જેને ડોમેસ્ટિક ટેરિફ એરીયા (Domestic Tariff Area (DTA)) કહે છે.

૩. એસ.ઈ.ઝેડ. એક્ટ ૨૦૦૫ હેઠળ અન્ય કાયદાની જેમ વ્યાખ્યાઓ આપવામાં આવી છે, જેમાં જો કોઈ વ્યક્તિ એસ.ઈ.ઝેડ યુનિટને સપ્લાય કરે છે તો તેને નિકાસ કરી છે તેમ માનવામાં આવશે. વધુમાં એસ.ઈ.ઝેડ એક્ટની કલમ ૫૧ મુજબ એસ.ઈ.ઝેડ કાયદાને અન્ય કાયદાથી ઉપરવટની અસર (overriding effect) આપવામાં આવી છે, એટલે કે જો અન્ય કાયદામાં કોઈ વ્યાખ્યા/ જોગવાઇ આપી હોય અને એ જ વ્યાખ્યા/ જોગવાઇ એસ.ઈ.ઝેડ એક્ટમાં પણ આપી હોય તો એસ.ઈ.ઝેડ.ની વ્યાખ્યા/ જોગવાઇ સર્વોપરિ માનવામાં આવશે.

૪. એસ.ઈ.ઝેડનો કાયદો ૨૦૦૫માં ભારતના બંધારણના અનુચ્છેદ નંબર ૨૪૬ હેઠળ લાવવામાં આવ્યો જે ભારત સંઘની સૂચીમાં છે. હવે જ્યારે જીએસટી કાયદો લાવવાની વાત આવી ત્યારે one nation one tax માટે બંધારણમાં સુધારા નંબર૧૦૧થી સુધારા કર્યા, જેમાં માલ અને સેવા પર વેરો નાખવા માટે બંધારણમાં અનુચ્છેદ નંબર ૨૪૬અ ઉમેરવામાં આવ્યો. આ જોગવાઈની શરૂઆત Notwithstandingથી કરવામાં આવી એટલે કે અનુચ્છેદ નંબર ૨૪૬ માંહોવા તેમ છતાં તેથી એસ.ઈ.ઝેડની ઉપરવટની અસરને અસર વિનાનું કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો એસ.ઈ.ઝેડ એક્ટની કલમ ૫૧ની ઉપરવટની અસરની જોગવાઈ જી.એસ.ટી. કાયદાને લાગુ નહીં પડે આના માટે કાં તો એસ.ઈ.ઝેડ. કાયદામાં અથવા તો જી.એસ.ટી. કાયદામાં સુધારો કરવો પડે.

૫. આઇ.જી.એસ.ટી.ની કલમ (૭) મુજબ એસ.ઈ.ઝેડ.ને અથવા એસ.ઈ.ઝેડ દ્વારા પુરો પાડવામાં આવતો પુરવઠાને આંતર રાજ્ય (inter-state) પુરવઠો માનવામાં આવે છે. જ્યારે આઇ.જી.એસ.ટી.ની કલમ ૮ સ્પષ્ટ કહે છે કે એસ.ઈ.ઝેડને અથવા તેના દ્વારા પૂરો પાડવામાં આવતા પુરવઠાને રાજ્ય અંતર્ગત (intra-state) માનવામાં આવશે નહીં.

૬. સી.જી.એસ.ટી. એક્ટ ની કલમ ૨૫(૧)ના પરંતુક મુજબ જે વ્યક્તિનું યુનિટ સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં હોય તેણે અલગથી રજિસ્ટ્રેશન લેવું પડશે અને તેને અલગ વ્યક્તિ તરીકે માનવામાં આવશે. તેથી જો કોઈ વ્યક્તિ એસ.ઈ.ઝેડ. યુનિટને પૂરવઠો પૂરો પાડવામાં આવે છે, પછી ભલે તે એક જ રાજ્યમાં હોય તો પણ તેને આંતર રાજ્ય (inter-state) પૂરવઠો પૂરો પાડવામાં આવ્યો છે તેમ માનવામાં આવશે. ઉદાહરણ તરીકે, જો કોઈ ગુજરાતનો સપ્લાયર ગુજરાતમાં સ્થિત એસ.ઈ.ઝેડ યુનિટને પુરવઠો પૂરો પાડે છે તો, તેને આંતરરાજ્ય પુરવઠો માનવામાં આવશે.

૭. એસ.ઈ.ઝેડ યુનિટને આપેલા વિશેષ દરજ્જો અને લાભને કોઈ હાનિ ન પહોંચે તે માટે આઇ.જી.એસ.ટી.ની કલમ ૧૬ હેઠળ તેને શૂન્ય દરનો પુરવઠો માનવામાં આવે છે. શૂન્ય દરના પુરવઠાની વ્યાખ્યામાં નિકાસ અને એસ.ઈ.ઝેડ યુનિટને પુરો પાડવામાં આવતો પુરવઠાનો સમાવેશ થાય છે. નિકાસની વ્યાખ્યા આઇ.જી.એસ.ટી.ની કલમ (૨)(૫)માં આપવામાં આવી છે, તે મુજબ 'માલને ભારત પ્રદેશથી બહારના પ્રદેશ..'. એસ.ઈ.ઝેડ. યુનિટને પણ નિકાસની સમકક્ષ દરજ્જો આપવામાં આવ્યો છે એટલે કે તે પણ શૂન્ય દરનો પુરવઠો ગણાય. જો કોઈ વ્યક્તિ એસ.ઈ.ઝેડ. યુનિટને પુરવઠો પુરો પાડે છે તો તેને નિકાસના પુરવઠાના જે લાભ મળે છે તે લાભ મળશે. નિકાસની જેમ જ એસ.ઈ.ઝેડ.ને પૂરો પાડવામાં આવતો પુરવઠાને એલ.યુ.ટી./ બોન્ડ હેઠળ, જેમાં વેરો ભર્યા વગર પુરવઠો પુરો પાડી શકાય છે અથવા તો વેરો ભરીને પણ પુરવઠો પુરો પાડી શકાય છે. નિકાસના પુરવઠાને જેમ વેરાનું રિફંડ મળે છે તેમ એસ.ઈ.ઝેડ.ને પૂરો પાડવામાં આવતો પુરવઠાને પણ મળશે. અહીં ધ્યાન રાખવા જેવી વાત એ છે કે એસ.ઈ.ઝેડને પુરો પાડવામાં આવતો પુરવઠો શૂન્ય દરનો છે પણ નિકાસ નથી, કારણ કે તે ભારતની બહાર ના પ્રદેશમાં પુરો પાડવામાં આવતો નથી.

૮. હવે આપણે એસ.ઈ.ઝેડ.ને પુરવઠો પૂરો પાડવા માટેના કેટલાક મહત્વના મુદ્દાની ચર્ચા કરીશું. આપણે પહેલા જોયું કે ભલે એસ.ઈ.ઝેડ.યુનિટ એક જ રાજ્યમાં હોય તો પણ તેને આંતરરાજ્ય (inter-state) પુરવઠો માનવામાં આવે છે. કોઈપણ વ્યક્તિ એસ.ઈ.ઝેડ.યુનિટને પૂરવઠો પૂરો પાડવા માંગતો હોય તો તેને કલમ ૨૪ મુજબ ફરજિયાત જીએસટી રજીસ્ટ્રેશન લેવું પડે. રજીસ્ટર વ્યક્તિ એલ.યુ. ટી. (બાંયધરી પત્ર)/બોન્ડ હેઠળ વેરાની ચૂકવણી કર્યા વિના અથવા વેરાની ચૂકવણી કરી એસ.ઈ.ઝેડ.યુનિટને પુરવઠો પૂરો પાડી શકે છે.

૯. **Letter of Undertaking (L.U.T)** (બાંયધરી પત્ર) / બોન્ડ વિશે સંક્ષિપ્તમાં

૯.૧ **એલ.યુ.ટી. માટેની લાયકાતઃ –** એલ.યુ.ટી. ની સુવિધા હવે તમામ રજિસ્ટર્ડ વ્યક્તિઓને આપવામાં આવી છે, જે આઇજીએસટી વેરાની ચૂકવણી કર્યા વિના શૂન્ય દરનો પુરવઠો પૂરો પાડી શકે છે, સિવાય કે તે વ્યક્તિ, જેને જીએસટી અથવા આઇજીએસટી અથવા અગાઉના કાયદા જેમ કે, સેન્ટ્રલ એક્સાઇઝ એક્ટ અથવા કસ્ટમ્સ એક્ટ, વગેરે હેઠળ કર/વેરા ચોરીની કાર્યવાહી કરવામાં આવી છે, અને કર/વેરાની રકમ રૂ. બે કરોડ પચાસ લાખથી વધુ છે. એલ.યુ.ટી. માટે લાયક રજિસ્ટર્ડ વ્યક્તિ ઑનલાઇન (online) અરજી કરી શકે છે અને એ.આર.એન. (ARN) ડિપાર્ટમેન્ટ દ્વારા એલ.યુ.ટી. સ્વીકૃતિનો પુરાવો છે. જો રજિસ્ટર્ડ વ્યક્તિ વિશે પ્રતિકૂળ માહિતી મળી આવે તો એલ.યુ.ટી.ને રદ કરવામાં આવશે અને ડિપાર્ટમેન્ટ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી શકે છે.

૯.૨ **એલ.યુ.ટી.ની માન્યતાઃ–** એલ.યુ.ટી. નાણાકીય વર્ષ માટે માન્ય રહેશે.

૯.૩ **એલ.યુ.ટી. માટે જરૂરી દસ્તાવેજોઃ–** રજિસ્ટર્ડ વ્યક્તિ અરજી સાથે સ્વ-ઘોષણાપત્ર (સેલ્ફ-ડેકલેરેશન) કે તેની સામે વેરા/કર ચોરીની કોઇ કાર્યવાહી કરવામાં આવી નથી અને એલ.યુ.ટી.ની શરતો પૂરી કરેલ છે. સિવાય કે ડિપાર્ટમેન્ટ પાસે કોઈ ચોક્કસ માહિતી હોય તો ફેર ચકાસણી કરી શકે છે.

૯.૪ **એલ.યુ.ટી.ની સ્વીકૃતિ માટેનો સમયઃ** શૂન્ય દરના પુરવઠા માટે એલ.યુ.ટી.એ પ્રાથમિક જરૂરિયાત છે, એલ.યુ.ટી. પર તાકીદે કાર્યવાહી કરવી જોઈએ. તે સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે રજિસ્ટર્ડ વ્યક્તિ દ્વારા અરજી સાથે સ્વ-ઘોષણા મળ્યાના ત્રણ કામકાજના દિવસોના સમયગાળા દરમિયાન એલ.યુ.ટી સ્વીકારવામાં આવશે. જો અરજીની તારીખથી ત્રણ કામકાજના દિવસોની અંદર કોઇ જવાબ નહીં આવે, તો અરજી આપમેળે સ્વીકારવામાં આવી છે તેવુ માની લેવાનુ.

૯.૫ **બોન્ડ/બેન્ક બાંયધરી (ગેરેંટી):** જો કે તમામ રજિસ્ટર્ડ વ્યક્તિને એલ.યુ.ટી. હેઠળ નિકાસ કરવાની સુવિધા આપવામાં આવી છે, પણ બોન્ડ ફક્ત તે જ વ્યક્તિઓ દ્વારા જમા કરાવવું જરૂરી છે, જેમની સામે વેરા/કર ચોરી માટે કાર્યવાહી કરવામાં આવી છે અને તે રકમ રૂ. બે કરોડ પચાસ લાખથી વધુ છે. આવા કિસ્સાઓમાં, બોન્ડની રકમના ૧૫% ની બેન્ક ગેરેંટી પણ આપવાની રહેશે.

૧૦. **બિલ ઓફ એક્સપોર્ટવિશે પણ થોડું જાણી લઈએ:–**

૧૦.૧ માલનું ટ્રાન્સપોર્ટેશન મુખ્યત્વે ત્રણ રીતે થઈ શકે છે, પહેલું માર્ગ અથવા રોડ દ્વારા બીજુ દરિયાઈ માર્ગ દ્વારા અને ત્રીજો હવાઈ માર્ગ દ્વારા. કસ્ટમ શિપિંગ બિલ રેગ્યુલેશન મુજબ જો માલનું ટ્રાન્સપોર્ટેશન માર્ગ દ્વારા થાય છે એટલે કે રોડ દ્વારા તો બિલ ઓફ એક્સપોર્ટ ફાઈલ કરવાનું છે અને દરિયાઈ અથવા હવાઈ માર્ગ દ્વારા થાય છે ત્યારે શિપિંગ બિલ ફાઈલ કરવાનુ થાય છે. એસ.ઈ.ઝેડ.ને પૂરવઠો પૂરો પાડવામાં આવે છે, તો એસ.ઈ.ઝેડ. ના નિયમ ૩૦ મુજબ જીએસટીમાં દર્શાવેલા દસ્તાવેજોથી પૂરવઠો પૂરો પાડી શકાય. જીએસટીમાં એલ.યુ.ટી./ બોન્ડ અને ઈન્વોઇસનો જ ઉલ્લેખ કર્યો છે. પણ જો કોઈ નિકાસના લાભ લેવાના હોય અથવા તો નિકાસની જવાબદારી પૂરી કરવાની હોય જેમકે એડવાન્સ ઓથોરાઇઝેશન, DEPB, વગેરે સ્કીમ માટે, તો બિલ ઓફ એક્સપોર્ટ ફાઈલ કરવું જરૂરી છે, જ્યારે પડોશી દેશ જેમકે, નેપાળ, ભુતાન, બાંગ્લાદેશ વગેરે ને નિકાસ કરવામાં આવે છે ત્યારે બિલ ઓફ એક્સપોર્ટ ફાઈલ કરવાનું હોય છે.

૧૧. બોન્ડ / એલ.યુ.ટી. (બાંયધરીપત્ર) હેઠળ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન ડેવલપર અથવા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન યુનિટને આઇજીએસટી વેરાની ચૂકવણી કર્યા વિનાનો શૂન્ય દરનો પુરવઠો

૧૧.૧ **માલ માટેઃ–** રજિસ્ટર્ડ વ્યક્તિ બોન્ડ/એલ.યુ.ટી હેઠળ આઇજીએસટી વેરાની ચૂકવણી કર્યા વગર એસ.ઈ.ઝેડ. યુનિટને (એકમ)/ ડેવલપરને માલ સપ્લાય કરી શકે છે. આ માટેના મુખ્ય દસ્તાવેજો નીચે મુજબ છે:-

(i) એસ.ઈ.ઝેડ. યુનિટે આપેલો પરચેસ ઓર્ડર (Purchase Order), જો હોય તો

(ii) નિયમ ૪૬ મુજબ ઇન્વોઇસ, અને તેના માથાળે SUPPLY TO SEZ UNIT OR SEZ DEVELOPER FOR AUTHORISED OPERATIONS UNDER BOND OR LETTER OF UNDERTAKING WITHOUT PAYMENT OF INTEGRATED TAX એવું લખવું પડશે.

(iii) ઇન્વોઇસમાં એલ.યુ.ટી. નંબર અથવા તો અરજી કર્યાનો ARN નંબર લખવો.

(iv) પેકેજીંગ લિસ્ટ (Packaging List).

૧૧.૨ **સેવા માટેઃ–**

(i) એસ.ઈ.ઝેડ. યુનિટે આપેલો પરચેસ ઓર્ડર (Purchase Order), જો હોય તો

(ii) નિયમ ૪૬ મુજબ ઇન્વોઇસ, અને તેના માથાળે SUPPLY TO SEZ UNIT OR SEZ DEVELOPER FOR AUTHORISED OPERATIONS UNDER BOND OR LETTER OF UNDERTAKING WITHOUT PAYMENT OF INTEGRATED TAX એવું લખવું પડશે.

(iii) ઇન્વોઇસમાં એલ.યુ.ટી. નંબર અથવા તો અરજી કર્યાનો ARN નંબર લખવો.

ઇન્વોઇસમાં ટેક્સની રકમ '૦' દેખાડવાની છે.

GSTR-1માં ટેબલ 6Bમાં આ ઇન્વોઇસની વિગતો ભરવાની છે અને GSTR-3Bમાં આની વિગતો ટેબલ 3.1(b)માં ભરવાની છે.

૧૧.૩ એસ.ઈ.ઝેડ.ના નિર્ધારિત અધિકારી, ઇન્વોઇસ પર, એસ.ઈ.ઝેડ. યુનિટ અથવા ડેવલોપરને પુરો માલ મળ્યો છે અને અથવા પુરી સેવા મળી છે અને તે અધિકૃત કામગીરી માટે છે તેની ખરાઇના સહિ સિક્કા કરશે. સંચિત એટલે કે એકત્રિત થયેલી આઈ.ટી.સી. માટે રિફંડ ક્લેમ ફાઇલ કરી શકાય છે.

૧૨. આઇજીએસટી વેરાની ચૂકવણી કરી સ્પેશિયલ ઈકોનોમિક ઝોન ડેવલપર અથવા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન યુનિટને શૂન્ય દરનો પુરવઠો

૧૨.૧ **માલ માટેઃ–** રજિસ્ટર્ડ વ્યક્તિ આઇજીએસટી વેરાની ચૂકવણી કરી એસ.ઈ.ઝેડ. યુનિટને (એકમ) અથવા ડેવલપરને માલ સપ્લાય કરી શકે છે. આ માટેના મુખ્ય દસ્તાવેજો નીચે મુજબ છે:-

(i) એસ.ઈ.ઝેડ. યુનિટે આપેલો પરચેસ ઓર્ડર (Purchase Order), જો હોય તો

(ii) નિયમ ૪૬ મુજબ ઇન્વોઇસ, અને તેના માથાળે SUPPLY TO SEZ UNIT OR SEZ DEVELOPER FOR AUTHORISED OPERATIONS ON PAYMENT OF INTEGRATED TAX એવું લખવું પડશે.

(iii) પેકેજીંગ લિસ્ટ (Packaging List).

૧૨.૨ **સેવાઓ માટેઃ–**

(i) એસ.ઈ.ઝેડ. યુનિટે આપેલો પરચેસ ઓર્ડર (Purchase Order), જો હોય તો

(ii) નિયમ ૪૬ મુજબ ઇન્વોઇસ, અને તેના માથાળે SUPPLY TO SEZ UNIT OR SEZ DEVELOPER FOR AUTHORISED OPERATIONS ON PAYMENT OF INTEGRATED TAX એવું લખવું પડશે.

GSTR-1માં ટેબલ 6Bમાં આ ઇન્વોઇસની વિગતો ભરવાની છે અને GSTR-3Bમાં આની વિગતો ટેબલ 3.1(b)માં ભરવાની છે.

૧૨.૩ એસ.ઈ.ઝેડ.ના નિર્ધારિત અધિકારી, ઇન્વોઇસ પર, એસ.ઈ.ઝેડ. યુનિટ અથવા ડેવલોપરને પુરો માલ મળ્યો છે અને અથવા પુરી સેવાઓ મળી છે અને તે અધિકૃત કામગીરી માટે છે તેની ખરાઇના સહિ સિક્કા કરશે. ભરેલા વેરા માટે રિફંડ ક્લેમ ફાઇલ કરી શકાય છે.

૧૩. રિફંડ FORM RFD-01માં ઓનલાઇન ફાઇલ કરવાનુ છે અને સાથે જોડવાના જરૂરી દસ્તાવેજો માટે સર્ક્યુલર નંબર ૧૨૫/૨૦૧૯ના Annexure-A B (સંબંધિત ભાગ) નીચે મુજબ છેઃ-

**ખાસ નોંધઃ–** આ લેખ ભાવાર્થ અનુવાદ અને માહિતી હેતુ માટે જ છે, અન્ય કોઇ હેતુ માટે ઉપયોગમાં લેવો નહીં. આ વિષય બહુ બોહળો હોવાથી માત્ર મહત્વપૂર્ણ મુદ્દાની ચર્ચા કરવામાં આવી છે. કોઈપણ નિર્ણય લેતા પહેલા તમારી નજીકના નિષ્ણાતની સલાહ અવશ્ય લો.

**(લેખક જાણીતા ટેક્સ બ્લોગર છે)**

## ANNEXURE-A

### રિફંડ એપ્લિકેશન સાથે અપલોડ કરવાના બધા સ્ટેટમેન્ટ / ઘોષણા પત્ર /બાંયધરી પત્ર / પ્રમાણ પત્રો અને અન્ય સહાયક દસ્તાવેજોની સૂચિ

| | |
|---|---|
| ૩. વેરો ચૂકવ્યા વિના એસઈઝેડ યુનિટ/એસઈઝેડ ડેવલપરને આપવામાં આવેલા પુરવઠાને કારણે વણ-વપરાયેલી આઈટીસીનું રિફંડ | |
| સ્ટેટમેન્ટ/ઘોષણા પત્ર/બાંયધરી પત્ર/પ્રમાણ પત્રો જે ઓનલાઇન ભરવાના છે | વધારાના સહાયક દસ્તાવેજો જે અપલોડ કરવાના છે |
| કલમ ૫૪ (૩)ના ત્રીજા પરંતુક (પ્રોવિઝો) હેઠળ ઘોષણા પત્ર | સંબંધિત સમયગાળાના GSTR-2Aની નકલ |
| (સ્ટેટમેન્ટ) પત્રક-૫ નિયમ ૮૯ (૨)(d) અને નિયમ ૮૯ (૨)(e) હેઠળ | ઈન્વોઈસેસનું (સ્ટેટમેન્ટ) પત્રક (Annexure-B) |
| (સ્ટેટમેન્ટ) પત્રક-5A નિયમ ૮૯ (૪) હેઠળ | Annexure-Bમાં દેખાડેલા ઇન્વોઇસેસની સ્વ-પ્રમાણિત નકલો, જેની વિગતો સંબંધિત સમયગાળાના GSTR-2Aમાં દેખાતી નથી. |
| નિયમ ૮૯ (૨)(f) હેઠળ ઘોષણા પત્ર | નિયમ ૮૯ (૧)ના બીજા પરંતુક (પ્રોવિઝો)ની જોગવાઈ હેઠળ સેઝના નિર્દેશ કરાયેલ અધિકારી પાસેથી સમર્થન પત્ર કે માલ/સેવાઓની અધિકૃત કામગીરી માટે પ્રાપ્તિ થઇ છે. |
| કલમ ૧૬ (૨)(c) અને કલમ ૪૨ (૨)ના સંબંધમાં બાંયધરી પત્ર | |
| નિયમ ૮૯ (૨)(l) હેઠળ સ્વ-ઘોષણા પત્ર જો ક્લેમ કરેલી રકમ બે લાખ રૂપિયાથી વધુ ન હોય તો અન્યથા નિયમ ૮૯ (૨)(m) હેઠળનું પ્રમાણપત્ર | |
| ૪. એસઈઝેડયુનિટ/એસઈઝેડ ડેવલપરને વેરાની ચૂકવણી સાથે કરવામાં આવેલા પુરવઠા પર ચૂકવેલ વેરાનું રિફંડ | |
| સ્ટેટમેન્ટ / ઘોષણા પત્ર /બાંયધરી પત્ર / પ્રમાણ પત્રો જે ઓનલાઇન ભરવાના છે | વધારાના સહાયક દસ્તાવેજો જે અપલોડ કરવાના છે |
| કલમ ૫૪ (૩)ના બીજા અને ત્રીજા પરંતુક (પ્રોવિઝો) હેઠળ ઘોષણા પત્ર | નિયમ ૮૯ (૧)ના બીજા પરંતુક (પ્રોવિઝો)ની જોગવાઈ હેઠળ સેઝના નિર્દેશ કરાયેલ અધિકારી પાસેથી સમર્થન પત્ર કે માલ / સેવાઓની અધિકૃત કામગીરી માટે પ્રાપ્તિ થઇ છે |
| નિયમ ૮૯ (૨)(f) હેઠળ ઘોષણા પત્ર | Annexure-Bમાં દેખાડેલા ઇન્વોઇસેસની સ્વ-પ્રમાણિત નકલો, જેની વિગતો સંબંધિત સમયગાળાના GSTR-2Aમાં દેખાતી નથી. |
| (સ્ટેટમેન્ટ) પત્રક-૪ નિયમ ૮૯ (૨)(d) અને નિયમ ૮૯ (૨)(e) હેઠળ | કામચલાઉ રિફંડ મેળવવા માટે સીજીએસટી નિયમોના નિયમ ૯૧ની પેટા નિયમ (૧) હેઠળ સ્વ-ઘોષણા પત્ર કે કોઇ કાર્યવાહી કરવામાં આવી નથી |
| કલમ ૧૬ (૨)(c) અને કલમ ૪૨ (૨)ના સંબંધમાં બાંયધરી પત્ર | |
| નિયમ ૮૯ (૨)(l) હેઠળ સ્વ-ઘોષણા પત્ર જો ક્લેમ કરેલી રકમ બે લાખ રૂપિયાથી વધુ ન હોય તો અન્યથા નિયમ ૮૯ (૨)(m) હેઠળનું પ્રમાણપત્ર | |

## ANNEXURE-B

### વણ-વપરાયેલી આઈટીસીના રિફંડની અરજી સાથે ઈન્વોઈસેસ રજૂ કરવાનું પત્રક (સ્ટેટમેન્ટ)

| ક્રમ નં. | સપ્લાયરનો GSTIN | ઈન્વોઈસેસની વિગતો | ઈનપુટ સપ્લાયની કેટેગરી | કેન્દ્રીય વેરો | રાજ્ય/ કેન્દ્રશાસિત પ્રદેશ વેરો | સંકલિત વેરા | સેસ | ITC માટે લાયક | લાયક ITCની રકમ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ઈન્વોઈસ નં. | તારીખ | કિંમત | ઈનપુટ/ ઈનપુટ સર્વિસ/ કેપિટલ ગૂડ્સ | HSN/SA-C | | | હા/ના/અંશત | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૨ | ૧૩ | ૧૪ |

# સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના

## 12th July 2021

### જી.એસ.ટી.

**અમારા અસીલ ખેતીની જમીન ખરીદી તેને બિનખેતી કરાવી પ્લોટ પાડી વેચાણનું કામ કરે છે. તેઓનું ટર્નઓવર ૪૦ લાખથી વધુ થાય છે. શું તેઓએ જી.એસ.ટી. નંબર લેવો ફરજિયાત બને? જો આ વ્યવહારમાં જી.એસ.ટી. લાગુ પડે તો વેરાનો દર શું રહે? પિયુષ લિંબાણી, ટેક્સ કન્સલ્ટન્ટ, માંડવી કચ્છ**

જવાબઃ ના, ખેતીની જમીન ખરીદી તેને બિનખેતી કરવી, પ્લોટ પાડી વેચવાની પ્રવૃતિ જી.એસ.ટી. કાયદાના પરિશિસ્ટ-III (શિડ્યુલ -III)ની એન્ટ્રી ૫ હેઠળ પડે અને જી.એસ.ટી. લાગુ પડે નહીં. જી.એસ.ટી. નંબર લેવો ફરજિયાત નથી તેવો અમારો મત છે.

**અમે એક કંપનીને મિનિ બસ વિથ ઓપરેટર (ડ્રાઈવર સાથે) ભાડે આપવાનો કોન્ટ્રાક્ટ કર્યો છે. આ કોન્ટ્રાક્ટ મુજબ ભાડું ૫૦૦૦૦/– કંપની દ્વારા આપવામાં આવે છે. ડીઝલના રૂપિયા ૫ લેખે અલગથી આપવામાં આવે છે. આ વ્યવહાર ઉપર જી.એસ.ટી.ની જવાબદારી કેવી રીતે આવે? શું અમારી સેવા મેળવનાર કોર્પોરેટ હોય RCM લાગુ પડે? – એક વેપારી, અમદાવાદ**

જવાબઃ અમારા મતે આ વ્યવહાર મોટર વિહીકલ લીઝનો વ્યવહાર ગણાય અને HSN ૯૯૬૬૦૧માં પડે અને ૧૮% લેખે જી.એસ.ટી. લાગુ પડે. આ વ્યવહાર પર RCMને લાગતું ૨૯/૨૦૧૯ CGST (રેઈટ) લાગુ પડે નહીં કારણે કે એ નોટિફિકેશનમાં ફ્યુઅલ કોસ્ટ સાથે સમાવેશ થયેલ નથી.

**અમારા અસીલ તલ, વરિયાળી, ધાણાદાળ વી. મિક્સ કરી મીઠું/શિંઘવ નાંખી શેકી તેના નાના પાઉચ બનાવી વેચાણ કરે છે. આવા તૈયાર થયેલ મુખવાસ ઉપર કેટલા ટકા GST લાગે અને HSN કોડ શું આવે તે અંગે માર્ગદર્શન આપવા વિનંતી. – અશોક બી. ઠક્કર, એડ્વોકેટ, ડીસા**

જવાબઃ આપના અસીલ તલ, વરિયાળી, ધાણા દાળ વી. મિક્સ કરી મુખવાસ સ્વરૂપે વેચાણ કરે તે વ્યવહાર ઉપર HSN ૨૧૦૬ લાગુ પડે અને ૧૮% લેખે ટેક્સ લાગુ પડે તેવો અમારો મત છે.

### ઈન્કમ ટેક્સ

**અમારા અસીલ દ્વારા એક ખેતીની જમીનનું વેચાણ ફેબ્રુઆરી ૨૦૧૨ માં કરવામાં આવ્યું હતું. તેઓનું અવસાન ૨૦૧૫ માં થયું હતું. તેઓ ઉપર ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૧૪૮ હેઠળ ફેરઆકારણીની નોટિસ ડિપાર્ટમેંટ દ્વારા આપવામાં આવેલ છે. શું આ નોટિસ યોગ્ય ગણાય? – ભગવતીભાઈ, ટેક્સ કન્સલ્ટન્ટ, સુરત**

જવાબઃ ઈન્કમ ટેક્સ હેઠળ કલમ ૧૪૮ હેઠળની નોટિસ મૃત વ્યક્તિને આપવી અયોગ્ય છે. આ અંગે ઊર્મિલાબેન અનિરુદ્ધસિંહ જાડેજા વી. ઈન્કમ ટેક્સ ઓફિસર (C/SCA/15310/2018) બિપિંકુમાર બચુભાઈ કાતરિયા વી. ઈન્કમ ટેક્સ અધિકારી (C/SCA/7850/2019) જેવા ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓ આપના કામ આવી શકે છે.

**ઈન્કમ ટેક્સ કાયદાની કલમ 194Qની જવાબદારી ટર્નઓવર ૧૦ કરોડથી નીચે હોય તો પણ બને કે તેનાથી ઉપરના ટર્નઓવર માટે જ લાગુ પડે? આ ટર્નઓવર ગણવામાં જી.એસ.ટી. સાથેનું ટર્નઓવર ગણવાનું રહે કે જી.એસ.ટી. વગરનું? – ચિંતન શુક્લા, એડવોકેટ, ભાવનગર.**

જવાબઃ ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ 194Qની જવાબદારી માટે પાછલા વર્ષનું ટર્નઓવર જોવાનું રહે. જો પાછલા વર્ષનું ટર્નઓવર ૧૦ કરોડથી વધુ હોય તો આ વર્ષે TDSની જવાબદારી આવે. આ ટર્નઓવર ગણવામાં જી.એસ.ટી. વગરનું ટર્નઓવર ગણવાનું રહે.

**તા.૦૧–૦૭–૨૦૨૧થી નવી આવેલ કલમ 194Q હેઠળ ચાલુ વર્ષ પચાસ લાખથી વધુની ખરીદી ઉપર ૦.૧૦% મુજબ ટી.ડી.એસ. કાપવાનું છે. જેનું પાછલા વર્ષનું ટર્નઓવર ૧૦ કરોડથી વધુ છે. પરંતુ અમારે માર્કેટયાર્ડના વેપારીઓ જેઓ કમીશનથી માલ વેચે છે. જેમનું રૂ.૧૫૦૦૦/નું કમીશન થાય છે. ત્યારે ૫% મુજબ TDS કપાય છે. તો કાયદા મુજબ એક જ વાર TDS કાપવાનું થાય તો ખરીદી પર કાપવું કે કમીશન પર કે બંને ઉપર 194H કે 194.Q? સ્પષ્ટતા કરવા વિનંતી છે. – જગદીશભાઈ વ્યાસ, એડવોકેટ, ડીસા**

જવાબઃ આવા કિસ્સામાં જો તમારા અસીલ પાક્કા અડતીયા હોય અને તેમના નામથી ખરીદ તથા વેચાણ થતું હોય તો કલમ 194Q હેઠળ TDS લાગુ પડશે. માત્ર કમિશનનું કામ કરતાં (કચ્ચાં આડતિયા) ના કિસ્સામાં 194H હેઠળ TDS લાગુ પડશે તેવો અમારો મત છે.

## 05th JULY 2021

### જી.એસ.ટી.

**અમારા અસીલ જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ વ્યક્તિ છે. તેઓ એમેઝોન તથા ફ્લિપકાર્ટ જેવી ઓનલાઈન કંપનીઓ દ્વારા ફાસ્ટ ટેગ નું વેચાણ કરે છે. આ ફાસ્ટ ટેગની ખરીદીમાં HSN ૩૯૨૬૯૦૮૦ / ૩૯૨૦૯૯૫૧ આવે છે.અમારાઅસીલ વેચાણને ટેક્સ ફ્રી દર્શાવે છે. શું આ ફાસ્ટ ટેગનું વેચાણ કરપાત્ર ગણાય કે કરમુક્ત? – કલ્પેશ મકવાણા, એકાઉન્ટન્ટ, દીવ**

જવાબઃ Fasttagનું વેચાણ પ્લાસ્ટિક આર્ટીકલ તરીકે થતું હોય છે અને HSN ૩૯૨૬૯૦૮૦ લાગુ પડે અને ૧૮% જી.એસ.ટી. નો દર લાગુ પડે. Fasttagના બેલેન્સ એ Money ગણાય અને તેના ઉપર જી.એસ.ટી. લાગુ પડે નહીં.

**અમારા અસીલ મમરાનો વેપાર કરે છે જે કરમુક્ત છે. મમરાના ટ્રાન્સપોર્ટેશન ઉપર લાગતા ટ્રાન્સપોર્ટેશન ઉપર શું RCM ભરવાની જવાબદારી આવે? જો આવે તો શું આ RCMની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ક્લેમ કરી શકાય? જો ના કરી શકાય તો ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવાની જ ના રહે કે લઈ ને રિવર્સ કરવાની રહે? – રાકેશ ધોરજીયા, એકાઉન્ટન્ટ, ગોંડલ**




**ટેક્સ ટુડે એક્સપર્ટઃ**
CA મોનીષ શાહ, અમદાવાદ
એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર
CA દિવ્યેશ સોઢા, પોરબંદર
એડવોકેટ ભવ્ય પોપટ

જવાબઃ હા, કરમુક્ત માલના ટ્રાન્સપોર્ટેશન ઉપર પણ જી.એસ.ટી. કાયદાની કલમ ૯(૩) હેઠળ RCM ભરવાની જવાબદારી આવે. આ RCMની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળે નહીં. આ RCMની ક્રેડિટ ઇનએલીજીબલ ક્રેડિટમાં દર્શાવવાનો વિકલ્પ આદર્શ પદ્ધતિ છે તેવો અમારો મત છે.

**અમારા અસીલઉત્પાદક છે. તેઓ જે વસ્તુનું ઉત્પાદન કરે છે તેના ઉપર ૫%ના દરે જી.એસ.ટી. લાગુ પડે છે. તેમની ખરીદી ૫% તેમજ ૧૮% ની રહેતી હોય છે. તેઓ અમુક સેવા પણ લે છે જેનો દર ૧૮% જેવો હોય છે. આ કિસ્સામાં જમા રહેતી ઈન્પુટ ટેક્સ ક્રેડિટનું રિફંડ તેઓને મળે? – પિયુષ જે. લિંબાણી, ટેક્સ કન્સલ્ટન્ટ, કચ્છ**

જવાબઃ હા, તમારા અસીલ જમા રહેતી ઈન્પુટ ટેક્સ ક્રેડિટનું રિફંડ જી.એસ.ટી. કાયદાની કલમ ૫૪(૩) હેઠળ ઈનવરટેડ રેઈટ મુજબ મેળવી શકે છે તેવો અમારો મત છે.

**અમારા અસીલ હાલ ગુજરી ગયા છે. તેઓનો ધંધો માલિકી ધોરણે તેમના ભાઈને તમામ જવાબદારી સાથે સંભાળી લેવાના છે. તેઓએ નોંધણી દાખલો ટ્રાન્સફરી તરીકે લઈ શકે? અમારા અસીલના પતિના ક્રેડિટ લેજરમાં જમા રકમ કેવી રીતે નવા નંબરમાં ટ્રાન્સફર કરી શકે? – ધ્રુવી શાહ, અમદાવાદ**

જવાબઃ હા, તમારા અસિલના ભાઈએ ટ્રાન્સફરી તરીકે નવો નંબર લેવાનો રહે. જૂનો નંબર તમારા અસીલના વારસદાર દ્વારા રદ્દ કરાવવાનો રહે. ITC 02 ફોર્મ ભરી ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ટ્રાન્સફર કરી શકાય છે. આ માટે જી.એસ.ટી. કાયદાની કલમ ૧૮(૩) તથા નિયમ ૪૧ જોઈ જવા વિનંતી.

**અમારા અસીલ હાલ ધંધો ચાલુ છે તે બંધ કરવા માંગે છે. તેઓ આ ચાલુ ધંધો પોતાના મિત્રને આપી રહ્યા છે. આ ધંધામાં રહેલી ઈન્પુટ ટેક્સ ક્રેડિટ તેઓ તબદીલ કરી શકે છે? – ધ્રુવી શાહ, અમદાવાદ**

જવાબઃ હા, જ્યારે સંપૂર્ણ જવાબદારી સાથે કોઈ ધંધો તબદીલ કરવામાં આવે ત્યારે જૂના નોંધણી દાખલમાં રહેલ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ITC 02 ફોર્મ વડે તબદીલ કરી શકાય છે. આ માટે જી.એસ.ટી. કાયદાની કલમ ૧૮(૩) તથા નિયમ ૪૧ જોઈ જવા વિનંતી.

**અમારા અસીલ તુવેર દાળ તથા અન્ય કઠોળ ઉપર જોબ વર્ક કરવાની પ્રવૃતિ કરે છે. આ પ્રકારના જોબ વર્ક ઉપર HSN કોડ કયો લાગુ પડે? આ પ્રકારના જોબવર્ક ઉપર ક્યાં દરે જી.એસ.ટી. ભરવાનો આવે? – વાસુદેવ ઠક્કર, ટેક્સ કન્સલ્ટન્ટ, આણંદ**

જવાબઃ અનાજ, કઠોળ ઉપર જોબવર્ક કરવાની પ્રવૃતિ ૯૯૮૮૧૬ HSNમાં પડે. ચેપ્ટર ૧ થી ૨૩ માં પડતાં જોબવર્ક માટે જી.એસ.ટી. ના જોબવર્કનો દર ૫% રહે તેવો અમારો મત છે. આ અંગે નોટિફિકેશન ૧૧/૨૦૧૭ ની એન્ટ્રી ૨૬ જોઈ જવા વિનંતી.

### ઈન્કમ ટેક્સ

**અમારા અસીલ સુઝલોન લી. ને પોતાની ખેતીની જમીન પવન ચક્કી માટે ભાડે આપે છે. કંપની તેઓને ભાડાની ચુકવણી ઉપર ૧૯૪શબ મુજબ ઝઉજની ચુકવણી કરે છે. શું આ ચુકવણી ઉપરઈન્કમ ટેક્સ લાગુ પડે કે ખેતીની આવક તરીકે કરમુક્ત બને? – હિત લિંબાણી**

જવાબઃ ખેતીની જમીનનો ઉપયોગ ખેતી માટે થતો હોય અને આવી ખેતીની જમીન ઉપરની ભાડાની આવક ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૧૦ (૧) હેઠળ કરમુક્ત બને તેવો અમારો મત છે. જો આ જમીનનો ખેતી માટે ઉપયોગ થતો ના હોય તો આ આવક કરપાત્ર બને તેવો અમારો મત છે.

**અમારા એક અસીલનું નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯નું TDS ક્લેઈમ કરવાનું બાકી છે. શું નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૧ ના ઈન્કમ ટેક્સ રિટર્ન માં આ TDS ક્લેઈમ કરી શકીએ? – અબ્દુલ કાદિર પઠાણ, ટેક્સ કન્સલ્ટન્ટ, અમદાવાદ**

જવાબઃ ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ આવક જે વર્ષમાં કરપાત્ર હોય તે વર્ષમાં જ તેની TDSની ક્રેડિટ મળી શકે. ૨૦૧૮-૧૯ના TDS ક્લેઈમ કરવાનું બાકી હોય તો નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના ઈન્કમ ટેક્સ રિટર્નમાં ક્લેઈમ કરી શકાય નહીં તેવો અમારો મત છે.

## 28th June 2021

**અમે ખાતર તથા જંતુનાશક દવાનું વેચાણ કરીએ છીએ. આ સાથે ગોડાઉન પણ ભાડે આપીએ છીએ. આ ઉપરાંત અમારા ગોડાઉનમાં રહેલ માલ અમે અમારા ભાડૂત વતી ટ્રાન્સપોર્ટ પણ કરી આપીએ છીએ. અમે ગોડાઉન ભાડાનું ૧૮% જી.એસ.ટી. વાળું બિલ બનાવતા હોય છીએ. મજૂરી માટેનું ૫% નું બિલ બનાવતા હોય છે. ટ્રાન્સપોર્ટેશન ઉપર કોઈ જી.એસ.ટી. લગાડતા હોતા નથી કારણકે ટ્રાન્સપોર્ટેશન ઉપર RCM ભરવા પાત્ર છે. શું આ વ્યવહાર બરોબર છે? – મયુર બારોટ**

જવાબઃ ગોડાઉન ભાડે આપવાની, મજૂરીની સેવા પૂરી પાડવાની તથા ટ્રાન્સપોર્ટેશન એમ ત્રણે સેવા આપવા માટે અલગ અલગ બિલ બનાવવામાં આવતા હોય, પેમેન્ટ પણ અલગ અલગ આવતું હોય તો આ વ્યવહાર બરોબર છે. જો બિલ સાથે બનતું હોય, પેમેન્ટ પણ સાથે આવતું હોય તો આ વ્યવહારને મિક્સ સપ્લાય ગણવા અંગે આકારણીમાં અધિકારી પ્રશ્નો ઊભા કરી શકે છે તેવો અમારો મત છે.

**અમારા અસીલ જોબ વર્કના વ્યવહાર કરે છે. તેઓ પોતાનો માલ જોબવર્ક માટે B ને મોકલે છે. આ પૈકી અમુક માલ વધુ જોબવર્ક માટે B દ્વારા Cને મોકલવામાં આવે છે. જોબ વર્કનું જે બિલ બનાવવામાં આવશે તે C દ્વારા Bના નામે બનાવવામાં આવશે. પ્રશ્ન એ છે કે શું B દ્વારા ઈ ને જોબવર્ક પર માલ મોકલવામાં આવે છે. અમારા અસીલ જે A છે તેઓએ B દ્વારા C પાસે કરવવામાં આવતા જોબવર્કના વ્યવહાર પોતાના ITC-04માં દર્શાવના રહે? શું B દ્વારા માલના માલિક તરીકે C સાથે ના વ્યવહાર માટે ITC-04 ભરવું પડે? – મંથન સરવૈયા**

જવાબઃ ITC 04 ભરવાની એક પ્રિન્સિપાલની આવે. આ કિસ્સામાં B એ પ્રિન્સિપાલના ગણાતા હોય તેઓએ ITC 04 ભરવા પાત્ર થાય નહીં તેવો અમારો મત છે. જો કે આ બાબતે ડિપાર્ટમેંટ ભવિષ્યમાં તકરાર લઈ શકે તેની શક્યતા રહેલી છે.

**અમારા અસીલ પ્લાસ્ટિક કન્ટેનરની ખરીદી અનરજીસ્ટર્ડ વેચનાર પાસેથી ખરીદી ઓનલાઈન વેચાણ કરે છે. શું આ ખરીદીના વ્યવહાર ઉપર તેમણે RCM ભરવો પડે? – વિજય પ્રજાપતિ**

જવાબઃ ના, તમારા અસીલ જે અનરજિસ્ટર્ડ વ્યક્તિ પાસેથી ખરીદી કરે છે તેના ઉપર જી.એસ.ટી. કાયદાની કલમ ૯(૪) હેઠળ RCM લાગુ પડે નહીં.

**અમારા અસીલ ઈલેક્ટ્રીક સ્કૂટરના ઉત્પાદક તથા વિક્રેતા છે. તેઓની ઘણી ખરીદી ૨૮% ની હોય છે. જ્યારે તેમનું વેચાણ ૧૮%ના દરે થતું હોય છે. શું આ કિસ્સામાં તેઓ રિફંડ લઈ શકે? – ભાવિક ગજ્જર, અમદાવાદ.**

જવાબઃ હા, તમારા અસીલ જ્યારે આ પ્રકારે જ્યારે ખરીદીના માલ ઉપરનો જી.એસ.ટી. ટેકસેબલ વેચાણના વ્યવહારો કરતાં વધુ હોય ત્યારે જી.એસ.ટી. કાયદાની કલમ ૫૪(૩) હેઠળ ઈનવરટેડ રેઈટ નું રિફંડ મેળવી શકો છો.

**અમારા અસીલ સુઝલોન લી.ને પોતાની ખેતીની જમીન પવન ચક્કી માટે ભાડે આપે છે. કંપની તેઓને ભાડાની ચુકવણી ઉપર 194ib મુજબ TDSની ચુકવણી કરે છે. શું આ ચુકવણી ઉપર જી.એસ.ટી. લાગુ પડે? લાગુ પડે તો કેટલા દરે લાગુ પડે? – હિત લિંબાણી**

જવાબઃ હા, તમારા અસીલ આ ભાડાની રકમ ઉપર જી.એસ.ટી. ભરવા જવાબદાર બને. આ ભાડાની આવક ઉપર જી.એસ.ટી. ૧૮%ના દરે લાગે તેવો અમારો મત છે.

### ઈન્કમ ટેક્સ

**ઈન્કમ ટેક્સ કાયદાની કલમ 194Q હેઠળ TDS કરવાની જવાબદારી ૫૦ લાખ ઉપર પેમેન્ટ ઉપર આવે કે ૫૦ લાખ ઉપર ખરીદી જાય તો આવે? – પ્રશાંત મકવાણા**

જવાબઃ ઈન્કમ ટેક્સ કાયદાની કલમ 194Q હેઠળ TDS કરવાની જવાબદારી ૫૦ લાખ ઉપર ખરીદી થાય તો લાગુ પડે તેવો અમારો મત છે. એક વાર ખરીદી ૫૦ લાખથી વધુ થઈ જાય ત્યારે TDS કરવાની જવાબદારી પેમેન્ટ કરવા સમયે કે ક્રેડિટ કરવા બેમાંથી જે વહેલી આવે ત્યારે ઊભી થાય.

**અમારા અસીલનું પોતાનું ટર્નઓવર ૧૦ કરોડ કરતાં નીચું છે. તેઓ એક જ વ્યક્તિ પાસેથી ૫૦ લાખથી વધુની ખરીદી કરે છે. શું તેઓ ઉપર આ નવી TDS/TCS ની જોગવાઈ લાગુ પડે? – રાજ ઘનેશા, ટેક્સ કન્સલ્ટન્ટ, વેરાવળ**

જવાબઃ ના, તમારા અસીલની ટર્નઓવર ૧૦ કરોડથી નીચું હોય ઈન્કમ ટેક્સ કાયદાની કલમ 194Q લાગુ પડે નહીં તેવો અમારો મત છે.

## 21st June 2021

### જી.એસ.ટી.

**અમારા અસીલ પોતાના ધંધા માટે ખુરશી અને ટેબલ ખરીદે છે. સ્થાવર મિલકતની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળે નહીં પરંતુ આ પ્રમાણે જંગમ હોય તેવા ફર્નિચરની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ તેમણે મળે? – જૂનેદ એફ. કાથીવલા, એડવોકેટ**

જવાબઃ હા, જી.એસ.ટી. કાયદા હેઠળ જંગમ હોય તેવા કેપિટલ ગુડ્સની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળે તેવો અમારો મત છે.

**અમારા અસીલ જી.એસ.ટી. હેઠળ નોંધણી દાખલો ઘરાવે છે. મારા અસીલ ખેતીની જમીન ખરીદી બિન ખેતી કરવી પ્લોટ પાડી તેમનું વેચાણ કરે છે. આ વેચાણ ઉપર જી.એસ.ટી. ની જવાબદારી આવે? – ૫ ઈરફાન કડીવાર, રાજકોટ**

જવાબઃ જી.એસ.ટી. કાયદાના પરિશિષ્ટ (શિડ્યુલ) IIIની એન્ટ્રી ૫ મુજબ જમીનનું વેચાણ એ જી.એસ.ટી. હેઠળ ના તો સર્વિસ ગણાય ના ગુડ્સ. આમ, પ્લોટનું વેચાણ કરવા ઉપર જી.એસ.ટી. ની જવાબદારી આવે નહીં તેવો અમારો મત છે. પરંતુ ગુજરાત એડ્વાન્સ રૂલિંગ ઓથોરીટીનું દિપેશ અનિલકુમાર નાયક, (GUJ/GAAR/R/2020/11), તા. ૧૯.૦૩.૨૦૨૦ ના કેસમાં આપવામાં આવેલ આદેશ મુજબ કોઈ જમીનમાં રસ્તા, ડ્રેનેજ જેવી ડેવલોપમેન્ટ એક્ટિવિટી કરવામાં આવી હોય ત્યારે આ પ્લોટનું વેચાણ ટેકસેબલ બને.

**અમારા અસીલ એક પ્રાઈવેટ લિમિટેડ કંપની છે. તેઓ રોડ બનાવવાના કામ કરે છે. તેઓ બિન નોંધાયેલ વ્યક્તિ પાસેથી મજૂરીની સેવાઓ લે છે. શું આ મજૂરીની સેવાઓ ઉપર અમારા અસીલની RCMની જવાબદારી આવશે? જો RCMની જવાબદારી આવે તો કેટલા ટકા જી.એસ.ટી. લાગે? – અરવિંદ પટેલ, અમદાવાદ**

જવાબઃ જી.એસ.ટી. કાયદા હેઠળની કલમ ૯(૪) હાલ માત્ર રિયલ એસ્ટેટ ડેવલોપરના કિસ્સામાં લાગુ પડે છે. તમારા અસીલ વર્કસ કોન્ટ્રાકટર હોય, બિનનોંધાયેલ વ્યક્તિ પાસેથી લેવામાં આવેલ મજૂરીની સેવાઓ ઉપર RCMની કોઈ જવાબદારી આવે નહીં તેવો અમારો મત છે.

**અમારા અસીલ દ્વારા માર્ચ મહિનાના જી.એસ.ટી. રિટર્નમાં ભરવા પાત્ર રકમ ૫૦૦૦૦/– CGST/ SGSTના સ્થાને IGST દર્શાવાઈ હતી. અમારા અસીલનું કોઈ ટર્નઓવર IGST સામે નથી. મે મહિનાના GSTR 1માં એમેંડમેંટ કરતાં ઓટો પોપ્યુલેટ થયેલ 3B પ્રમાણે CGST/SGST ની જવાબદારી ૫૦૦૦૦ જેટલી વધી ગઈ. પરંતુ IGST હેઠળ જવાબદારી ઘટી નથી. શું આ રકમ હું ઈન્પુટ ટેક્સ ક્રેડિટ તરીકે લઈ અમારી જવાબદારી ઓછી કરી શકું છું? – સચિન ઠક્કર, એડવોકેટ, ડીસા**

જવાબઃ તમારા અસિલે સર્ક્યુલર ૨૬/૨૦૧૭ મુજબ હાલ જે વધારાનો ટેક્સ CGST તથા SGSTમાં ઊભો થયો છે તે ભરી આપવો જોઈએ. ભવિષ્યમાં સંપ્ટેમ્બર સુધી જો IGSTનું વેચાણ આવવાની શક્યતા ના હોય તો IGSTનું રિફંડ લેવું પડે તેવો અમારો મત છે.

### ઈન્કમ ટેક્સ

**મારા અસીલ દ્વારા એક ખરીદનાર પાસેથી નાણાકીય વર્ષ ૨૦૨૧ ૨૨ માં ૧.૫ કરોડની રકમની રિસીપ્ટ થઈ છે. આ પૈકી નાણાકીય વરસ ૨૦૨૧–૨૨ નું વેચાણ માત્ર ૭૦ લાખ જ છે. અમારા અસીલ 194 Q હેઠળ TDS કરવા જવાબદાર છે. TDS કરવા જવાબદાર હોય ત્યારે TCS લાગે નહીં તેવો ખુલાસો કરવામાં આવેલ છે. તો આવા સંજોગોમાં TDS અને TCSની જવાબદારી કેવી રીતે આવે? શું વેચનારે ૧ કરોડ ઉપર TCS કરવાનો રહે કે ખરીદનાર દ્વારા TDS કરવાનો રહે? – ભાવિન નથવાણી, ટેક્સ કન્સલ્ટન્ટ, વેરાવળ**

જવાબઃ જે કિસ્સામાં તમારા અસીલની TDS કરવાની જવાબદારી આવે તેવા કિસ્સામાં TCS કરવાની જવાબદારી રહે નહીં. આમ, તમારા અસીલ TDSની જોગવાઈઓ મુજબ TDS કરે તો તે વ્યવહારો ઉપર TCSની જોગવાઈ લાગુ પડે નહીં તેવો અમારો મત છે.

**અમારા અસીલ ખેતીની જમીન ખરીદી તેને N A (બિન ખેતી) કરાવી તેનું ફ્લોટિંગ કરી વેચાણ કરે છે. આ ફ્લોટિંગ ઉપર થતી આવક એ ધંધાકીય આવક ગણાય કે મૂડી નફાની આવક ગણાય? – CA ઈરફાન કડીવાર, રાજકોટ**

જવાબઃ કોઈ પણ આવક ક્યાં હેડ માં ટેકસેબલ થશે તે કરવામાં આવતા વ્યવહાર ઉપરથી નક્કી થાય. તમારા અસીલ જે ખેતીની જમીન ખરીદી બિન ખેતી કરવી પ્લોટ પાડી વેચાણની પ્રવૃતિ કરે છે તે સામાન્ય રીતે ધંધાકીય આવક ગણાય તેવો અમારો મત છે.

**અમારા અસીલ ઈન્કમ ટેક્સ કાયદાની કલામ ૧૩૯(૪) હેઠળ પોતાના ઈન્કમ ટેક્સ રિટર્ન બિલેટેડ ભરે છે. શું આ બિલેટેડ રિટર્ન માટે પણ 206AB તથા 206 CCA હેઠળ ઊંચા દરે TDS/TCS લાગુ પડશે? – પ્રશાંત મકવાણા, એડવોકેટ**

જવાબઃ ના, ઊંચા દરે TDS/TCS તો જ લાગે જો ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવામાં ના આવ્યું હોય. બિલેટેડ રિટર્ન પણ ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ વેલીડ રિટર્ન છે અને આ કિસ્સામાં ઊંચા દરે TDS/TCS ના લાગે તેવો અમારો મત છે.

**–: ખાસ નોંધ :–**

જી.એસ.ટી. અંગે ના દર વિષે અભિપ્રાય આપવો ખૂબ મુશ્કેલ ગણાઈ. કારણકે જી.એસ.ટી. હેઠળ માલ તથા સેવા નો દર ઘણા પરિબળો પર નિર્ભર કરતો હોય છે. વેરા ના દર અંગે ના અભિપ્રાય માત્ર સામાન્ય સંજોગો મુજબ આપવામાં આવેલ છે. આ અંગે આપ એડ્વાન્સ રૂલિંગ દ્વારા ચોક્કસ દર જાણી શકો છો.

અમારા એક્સપર્ટ ટેક્સ ટુડે ને આ સેવા વાચકો ના લાભાર્થે આપે છે. તમામ વાચકો ને વિનંતી કે પોતાના પ્રશ્નો ટેક્સ ટુડે ને નીચે આપેલ ઈ મેઈલ પર મોકલે. કોઈ પણ સંજોગો માં વાચકો ને વિનંતી કે એક્સપર્ટ્સ નો સીધો સંપર્ક બિનવ્યવસાયી રીતે ના કરવો.

આ કૉલમ અંતર્ગત આપના પ્રશ્નો પૂછવા આપ અમને taxtodayuna@gmail.com પર ઈ મેઈલ કરી શકો છો. સોમવાર થી શુક્રવાર સુધી આવેલા પ્રશ્નો ના જવાબ શક્ય હોય ત્યાં સુધી પછીના સોમવારે પ્રસિદ્ધ કરવામાં આવશે.

**ડિસ્ક્લેમરઃ** આ કૉલમ ટેક્સ ટુડે ના એક્સપર્ટ દ્વારા શક્ય તમામ કાળજી રાખી કાયદા ના પોતાના અભિપ્રાય ઉપર આપવામાં આવેલ છે. છતાં આ અભિપ્રાય તેઓના અંગત અભિપ્રાય છે. કોઈ કેસ માં તેનો ઉપયોગ કરવો કે ના કરવો તે વાચકો ના અંગત મંતવ્યો ઉપર આધારિત છે.

# ત્રિમાસિક GSTR-1 ભરવાંમાં ટેક્સ પ્રોફેશનલ્સને આવી રહી છે 'એરર' શું છે આ 'એરર'નું કારણ???

## "Error!! Move is Under Progress. Please try again later" એરરએ કર્યા છે ટેક્સ પ્રોફેશનલ્સને પરેશાન!!

તા.૧૧.૦૭.૨૦૨૧: જી.એસ.ટી. હેઠળ નાના કરદાતાઓ માટે ત્રિમાસિક GSTR 1 ભરવાની છૂટ આપવામાં આવેલ છે. આ સાથે B2B વ્યવહાર કરતાં કરદાતા માટે ત્રિમાસિક GSTR 1 ભરતા કરદાતાઓ માટે ઈંવોઈસ ફર્નિશિંગ ફેસિલિટી એટલેકે IFF ભરવાની સુવિધા આપવામાં આવી છે. આ સુવિધાનો ઉપયોગ કરવો કરદાતા માટે મરજિયાત રહેતો હોય છે. હવે જ્યારે ટેક્સ પ્રોફેશનલ્સ પોતાના અસીલના ત્રિમાસિક GSTR 1 ભરી રહ્યા છે ત્યારે તેમને મોટા ભાગના કિસ્સામાં ઉપર દર્શાવેલ 'એરર મેસેજ' આવી રહ્યાના સમાચાર મળી રહ્યા છે. GSTR 1માં ડેટા ચડાવી દીધા હોવા છતાં રિટર્ન ફાઈલ કરતાં સમયે આવતી આ 'એરર'નું સમાધાન શું છે તે હાલ ટેક્સ પ્રોફેશનલ્સ માટે ચર્ચાનો વિષય રહ્યો છે.

હાલ ટેકનિકલ એક્સપર્ટ્સ દ્વારા આ અંગે એક સમાધાન એ સૂચવવામાં આવી રહ્યું છે. જ્યારે કોઈ પણ ત્રિમાસિક GSTR 1 ભરતા કરદાતાના કિસ્સામાં અગાઉના બે માસમાં કોઈ પણ એક માસમાં પણ IFFના ડેટા ફાઈલ થવાના બદલે સેવ કે સબમિટ જ થયા હોય ત્યારે આ એરર આવી રહી છે. આ એરર સામાન્ય રીતે ૨ કલાકથી માંડી ૧ દિવસમાં આપોઆપ દૂર થઈ જતી હોય છે. આ પ્રકારના કિસ્સામાં જ્યારે સિસ્ટમ દ્વારા એક 'પોપ અપ' દ્વારા પુછવામાં આવે છે કે શું સેવ થયેલ IFFના ડેટાને તમે મુવ કરવા માંગો છો ત્યારે "Yes" ના સ્થાને "No"નો વિકલ્પ પસંદ કરવો જોઈએ. આમ, કરવાથી જૂના સેવ થયેલ ડેટા ડિલીટ થઈ જશે. જો કે આ સમયે GSTR 1માં રહેલ ડેટા ફરી વેરીફે કરવા જરૂરી છે.




આ અંગે વાત કરતાં 'ટેક્સ ટુડે' ટેકનિકલ ટિમના એક્સપર્ટ એડવોકેટ પ્રતિક મિશ્રાણી જણાવે છે કે ''મારા અસીલોમાં આ એરર આવી નથી. પણ આ અંગે મને અનેક ફરિયાદો મળી છે. હું પણ માનું છું કે આ એરર 'અન ફાઈલ' થયેલ IFFના કારણે આવી રહી છે. જો કોઈ અસીલના ત્રિમાસિક GSTR 1 ફાઈલ કરતાં સમયે 'પોપ-અપ'માં "YES" સિલેક્ટ કરવામાં આવે તો સિસ્ટમ IFFના 'ડેટા મુવ' કરવામાં સમય લે છે. મોટા ભાગના સોફ્ટવેરમાં આ GSTR-1માં ત્રણે મહિનાના 'ડેટા અપલોડ' થતાં હોય જે 'સેવ' થયેલ ડેટા ડિલીટ કરી દેવામાં આવે તો પણ આ B2B વ્યવહારો યોગ્ય રીતે રિફલેક્ટ થઈ જતાં હોય છે. આમ, 'પોપ-અપ'માં "No"નો વિકલ્પ કરી રિટર્ન ફાઈલિંગ કરવામાં આવે તો સમય બચી શકે છે.'

GSTR 1 ફાઈલ કરવાની મુદત જ્યારે નજીક હોઈ ત્યારે ટેક્સ પ્રોફેશનલ્સ માટે સમય મહત્વનો રહેતો હોય છે. આવા સમયે આ પ્રકારે કરવામાં આવે તો GSTR 1 સમયસર ફાઈલ કરવામાં આસાની રહી શકે તેવું નિષ્ણાંતો માની રહ્યા છે.

**(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)**

◆ Year: 5, ◆ Issue No.9, ◆ Continue Issue No.57, ◆ Date: 17/07/2021, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat,
◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.